dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 263 | AD - 2025, Ashadh Sud-02 | Friday, Dt.27-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### કેટલાક દેશો સરહદ પારના આતંકવાદનો નીતિ તરીકે ઉપયોગ કરે છે, નામ લીધા વગર પાકિસ્તાનને ઝાટક્યું

## આતંકવાદના કેન્દ્રોને નિશાન બનાવતા અચકાઈશું નહી : ચીનમાં રાજનાથસિંહનો હૂંકાર

કિંગદાઓ (ચીન), તા.૨૬

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ચીનની ધરતી પરથી સમગ્ર વિશ્વને મોટો સંદેશ આપ્યો છે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)માં સંરક્ષણ મંત્રીઓની બેઠક દરમિયાન, તેમણે પોતાના સંબોધનમાં ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આતંકવાદના કેન્દ્રો હવે સુરક્ષિત નથી અને અમે તેમને નિશાન બનાવવામાં અચકાઈશું નહીં. ચીનના બંદર શહેર કિંગદાઓમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં, સંરક્ષણ મંત્રીએ આતંકવાદ, શાંતિ અને સુરક્ષા સહિત ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા. તેમણે કહ્યું - મારું માનવું છે કે આપણા ક્ષેત્રમાં સૌથી મોટા પડકારો શાંતિ, સુરક્ષા અને વિશ્વાસના અભાવ સાથે સંબંધિત છે. તેમણે કહ્યું કે આ સમસ્યાઓનું મૂળ કારણ આતંકવાદ, કટ્ટરવાદ અને ઉગ્રવાદમાં વધારો છે. આતંકવાદને રોકવા અને સરહદ પાર આતંકવાદી હુમલાઓને રોકવાના પોતાના અધિકારનો ઉપયોગ કરીને, ભારતે ૦૭ મે ૨૦૨૫ ના રોજ સરહદ પાર આતંકવાદી માળખાને તોડી પાડવા માટે ઓપરેશન સિંદૂર સફળતાપૂર્વક હાથ ધર્યું હતું. પાકિસ્તાનનું નામ લીધા વિના રાજનાથ સિંહે કહ્યું- "...કેટલાક દેશો સરહદ પારના આતંકવાદનો નીતિ તરીકે ઉપયોગ કરે છે અને આતંકવાદીઓને આશ્રય આપે છે. આવા બેવડા ધોરણો માટે કોઈ સ્થાન હોવું જોઈએ નહીં. SCO એ આવા દેશોની ટીકા કરવામાં અચકાવું જોઈએ નહીં."




રાજનાથસિંહે ચીન જઈને પાકિસ્તાનને તમાચો મારી દીધો છે. વાત એમ છે કે શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) દેશોની સમિટ ચીનના કીંગદાઓ શહેરમાં ચાલી રહી છે. અહીં તમામ દેશોનું જોઈન્ટ સ્ટેટમેન્ટ બહાર પડે છે. આ સ્ટેટમેન્ટમાં ચીને કૂટનીતિ વાપરી પણ તેની કારી ફાવી નહિ. ચીને સ્ટેટમેન્ટ રાજનાથસિંહને વાંચવા આપ્યું. દરેક દેશો સ્ટેટમેન્ટમાં સહી કરે પછી તેને જાહેર કરાય છે. રાજનાથસિંહે સહી કરવા સ્ટેટમેન્ટ હાથમાં લીધું. ચીને એમાં લખ્યું હતું કે બલુચિસ્તાનમાં ભારત અશાંતિ ફેલાવે છે. ચીને એ નહોતું લખ્યું કે પાકિસ્તાન પ્રેરિત આતંકવાદના કારણે ભારતના પહેલગામમાં હુમલો થયો. રાજનાથસિંહે આ નિવેદન વાંચ્યું ને ભડક્યા. તરત પેન નીચે મૂકી દીધી ને કહ્યું, ભારત આમાં હસ્તાક્ષર નહીં કરે. અહીં ચીનનો દાવ ઊંધો પડી ગયો.






## ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પહોંચ્યા

ન્યુ દિલ્હી,તા.૨૬

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા સહિત ચારેય અવકાશયાત્રીઓ લગભગ ૨૮ કલાકની મુસાફરી પછી ગુરુવારે એટલે કે ૨૬ જૂને સાંજે ૪:૦૦ વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પહોંચ્યા હતા. પહેલા તેમનો પહોંચવાનો સમય ૪:૩૦ વાગ્યાનો હતો. એટલે કે, આ અવકાશયાત્રીઓ સમય કરતાં ૩૦ મિનિટ વહેલા સ્પેસ સ્ટેશન પર પહોંચી ગયા છે. આ દરમિયાન શુભાંશુએ કહ્યું- નમસ્કાર ફ્રોમ સ્પેસ! હું મારા સાથી અવકાશયાત્રીઓ સાથે અહીં આવવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. આ એક અદ્ભુત યાત્રા છે. તેમણે કહ્યું, ‘‘જ્યારે અમને વેક્યૂમમાં લોન્ચ કરવામાં આવ્યા, ત્યારે મને બહુ સારું લાગતું ન હતું, મેં ઘણી ઊંઘ લીધી છે. એક બાળકની જેમ શીખી રહ્યો છું. અવકાશમાં કેવી રીતે ચાલવું અને ખાવું.’’ આ દરમિયાન, એક સોફ્ટ ટોય એટલે કે હંસને હાથમાં પકડીને તેમણે કહ્યું- ભારતીય સંસ્કૃતિમાં, હંસ બુદ્ધિનું પ્રતીક છે. બધા અવકાશયાત્રીઓ બુધવારે, એટલે કે ૨૫ જૂને, એક્સિઓમ મિશન ૪ હેઠળ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક માટે રવાના થયા હતા. ટેકનિકલ મુશ્કેલીઓને કારણે તેમનું મિશન અગાઉ ૬ વખત મુલતવી રાખવામાં આવ્યું હતું. અમેરિકન અવકાશ એજન્સી નાસા અને ભારતીય એજન્સી ઈસરો વચ્ચેના કરાર હેઠળ, ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને આ મિશન માટે પસંદ કરવામાં આવ્યા છે. શુભાંશુ આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશનની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય અને અવકાશમાં જનારા બીજા ભારતીય છે. ૪૧ વર્ષ પહેલાં, રાકેશ શર્માએ ૧૯૮૪ માં સોવિયેત યુનિયનના અવકાશયાનમાં અવકાશની યાત્રા કરી હતી. શુભાંશુનો આ અનુભવ ભારતના ગગનયાન મિશનમાં ઉપયોગી થશે. આ ભારતનું પહેલું માનવ અવકાશ મિશન છે, જેનો ઉદ્દેશ ભારતીય અવકાશયાત્રીઓને પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં મોકલવાનો અને તેમને સુરક્ષિત રીતે પાછા લાવવાનો છે. તે ૨૦૨૭ માં લોન્ચ થવાની સંભાવના છે.
















# અમરેલી જિલ્લામાં અષાઢી બીજનું શૂકન સાચવતા મેઘરાજા

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લામાં મેઘરાજાએ અષાઢી બીજનું શૂકન સાચવ્યું હોય તેમ જિલ્લામાં ધીમી ધારે વરસાદ પડતા ખેતીપાકને ફાયદો થઈ રહ્યો છે. જિલ્લામાં વાવણી થઈ ગયા બાદ મેઘરાજાએ સતત આગમન કરતા ખેડૂતોના ચહેરા પર આનંદ ફેલાયો છે. બગસરામાં વહેલી



સવારે ધોધમાર વરસાદ પડતા રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા હતા. વાવણીલાયક વરસાદ વરસતા ખેતીના પાકને ફાયદો થશે. દિવસ દરમિયાન વડીયામાં અઢી ઈંચ જયારે બાબરા,

**વડીયામાં અઢી, બાબરા,અમરેલીમાં બે ઈંચ વરસાદ ખાબક્યો**

અમરેલીમાં બે ઈંચ વરસાદ ખાબક્યો હતો. વરસાદને કારણે નદી-નાળા છલકાઈ ગયા હતા. મેઘરાજાએ અષાઢી બીજનું શુકન સાચવતા ધરતીપુત્રોના ચહેરા પર આનંદ છવાયો હતો.

# પીઠવાજાળ ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૨૬

પીઠવાજાળ મુકામે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આર.વી. વાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે લાયઝન તરીકે સુરેશભાઈ સુખડીયા જોડાયા હતા. અધિકારીઓના હસ્તે



શાળામાં બાલવાટિકા અને ધોરણ ૧માં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો અને શાળા પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ ભાવેશભાઈ વી. દેસાઈ, અશોકભાઈ મકવાણા અને આરોગ્ય કર્મચારી યોગેશભાઈ મકવાણા પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના બાળકો, વાલીઓ, SMC સભ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. શાળાના આચાર્ય કૈલાસબેન કાનાણીના માર્ગદર્શન હેઠળ ઈન્દુબેન, બંસરીબેન, પ્રવિણભાઈ અને પરેશભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી.

# બાબરા તાલુકાના નાની કુંડળ ગામે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

નાની કુંડળ,તા.૨૬



રાજ્ય સરકાના ઉમદા કાર્યક્રમ અંતર્ગત બાબરાના નાની કુંડળ પ્રાથમિક શાળા તથા નાની કુંડળ માધ્યમિક શાળાનો સંયુક્ત પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે હેતલબેન ચૌહાણ (અન્ડર સેક્રેટરી ( એનર્જી અને પેટ્રો કેમિકેલ) હાજર રહ્યા હતા. શાળામાં પ્રવેશતા બાળકોનું કૂમકૂમ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

**૫૬૦ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો, જિલ્લા શિક્ષણ અધિકારી સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી સંસ્થાની સુવિધાઓ નિહાળી પ્રભાવિત થયા**

# જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સમાં કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ

અમરેલી, તા.૨૬

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સંચાલિત જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ ૧ અને ૨ માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૫૬૦ જેટલા નવા વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાયો હતો. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અધિકારી મનોહરસિંહ ગોહિલ, સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો. સિનિયર વિદ્યાર્થીઓએ મહેમાનોને



સાયન્સ લેબ, અટલ ટિન્કરિંગ લેબ, AI સંચાલિત સ્માર્ટ ક્લાસ, લાઈબ્રેરી, રમત-ગમત ગ્રાઉન્ડ સહિતની અદ્યતન સુવિધાઓની મુલાકાત કરાવી હતી. મહેમાનોએ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શાળામાં પ્રવેશ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા અને સંસ્થા મેનેજમેન્ટને પણ શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરવા બદલ શુભેચ્છાઓ આપી. સ્ટેજ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત રજૂ કર્યુ અને સિદ્ધિઓ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા. જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલે વિદ્યાર્થીઓને મહેનત કરી આગળ વધવા અને શિક્ષણનું મહત્વ સમજાવ્યું. નોંધનીય છે કે, સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ શાળા પસંદગી એસ. એચ. ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાન શક્તિને કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ આ બદલ તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્ટાફને શુભકામનાઓ પાઠવી હતી.

# બગસરાના મોટા મુંજીયાસરમાં સરપંચ દ્વારા ત્રણ લાખની ઉચાપત થઈ હોવાનું ખૂલ્યું

બગસરા, તા.૨૬

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે સરપંચ દ્વારા ઝાડ કટીંગ કરાવી તેમાંથી મળેલ રકમ પંચાયતમાં જમા ન કરાવતા આ બાબતની તપાસ પોલીસને સોંપવામાં આવેલ જેમાં પોલીસ તપાસમાં સરપંચની ઉચાપત સાબિત થતા પૂર્વ સરપંચ દ્વારા સસ્પેન્શનની માગણી કરવામાં આવી છે. બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે નવું કૌભાંડ બહાર આવ્યું છે જેમાં બે વર્ષ પૂર્વે ગામના સરપંચ જયસુખભાઈ ખેતાણી દ્વારા ઝાડ કટીંગ કરાવી તે પેટે મળેલ રકમ ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ) પંચાયતમાં જમા કરાવ્યા ન હતા. આ બાબતે પૂર્વ સરપંચ રમેશભાઈ સતાસિયા દ્વારા ફરિયાદ કરવામાં આવતા જયસુખભાઈએ તેમને કોઈપણ પ્રકારની જાણ બહાર ઝાડ કટીંગ થયા હોવાનું જણાવ્યું હતું તેમજ લાકડાની ચોરી થઈ હોવાનું જણાવ્યું હતું જેના લીધે સમગ્ર પ્રકરણની તપાસ પોલીસને સોંપવામાં આવી હતી. જેમાં તેમણે બે વર્ષ પૂર્વે ઝાડ કટીંગ કરનારને પૂછપરછ માટે બોલાવતા તેમણે સરપંચના કહેવાથી આ ઝાડ કટીંગ કામ કરેલ હોવાનું જણાવ્યું હતું તેમજ આ પેટે ત્રણ લાખ રૂપિયા સરપંચને આપ્યા હોવાનું નિવેદન પોલીસને આપ્યું હતું. પોલીસ દ્વારા સંપૂર્ણ તપાસ કરી ત્રણ લાખ રૂપિયામાં આ ઝાડ કટીંગ થયા હોવાનો અહેવાલ આપી દેવામાં આવ્યો છે. આ અહેવાલને આધારે જયસુખભાઈ ખેતાણીએ સરકારી પૈસાની ઉચાપત કરેલ હોય તેમને સસ્પેન્ડ કરી તેમના વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી પૂર્વ સરપંચ રમેશભાઈ દ્વારા માંગ કરવામાં આવી છે.

**- ઝાડ કટીંગ કરનારે પંચાયતનો ઠરાવ રજૂ કર્યો**

પોલીસ તપાસ કરી રહી હતી ત્યારે ઝાડ કટીંગ કરનાર લોકો દ્વારા પૂછપરછ દરમિયાન સરપંચ દ્વારા પંચાયતે તેમને ઝાડ કટીંગ કરવા માટે આપેલ ઠરાવ રજૂ કરતા સમગ્ર પ્રકરણ સરપંચ વિરુદ્ધ બની ગયું હતું.

**- ત્રણ હપ્તામાં રકમ આપવામાં આવી**

ઝાડ કટીંગ કરનાર દ્વારા પોલીસ સમક્ષ નિવેદન આપવામાં આવેલ છે કે સરપંચને ત્રણ અલગ અલગ હપ્તામાં ત્રણ લાખ જેવી રકમ આપવામાં આવેલી હતી.

**- હજુ કાર્યવાહી કેમ નથી થઇ ?**

પોલીસ દ્વારા ઘણા સમયથી અહેવાલ આપી દેવામાં આવેલ છે તેમ છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કેમ કરવામાં આવેલ નથી તે પ્રશ્ન પણ રમેશભાઈ સતાસિયા દ્વારા ઉઠાવવામાં આવેલ છે.

# બાબરા તાલુકામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો, આગેવાનોની હાજરી

અમરેલી,તા.૨૬



બાબરા તાલુકામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકા પ્રમુખના પ્રતિનિધિ તરીકે બાબુભાઈ રામાણી, ભારતીય કિસાન સંઘ બાબરા તાલુકા પ્રમુખ, સરપંચ, ઉપસરપંચ સહિતના હાજર રહ્યાં હતા. આંગણવાડીના બાળકોને પ્રવેશ આપી દફતર અને કીટના દાતા ભાનુભાઈ પાનશેરીયા તરફથી આપવામાં આવી હતી તેમજ બાળવાટિકા અને ધોરણ-૧ ના બાળકોને પ્રવેશ આપી અને કીટ વિતરણ કરવામાં આવ્યા હતા.

# બાબરાના નડાળા ગ્રામ પંચાયતમાં ભાજપ પ્રેરિત પેનલનો ભવ્ય વિજય: હિતેશ કલકાણી સરપંચ બન્યા

બાબરા,તા.૨૬

બાબરા તાલુકાના નડાળા ગામે યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં તાલુકા ભાજપ પ્રમુખ અને નડાળા ગામના આગેવાન હિતેશભાઈ રવજીભાઈ કલકાણીની ભાજપ પ્રેરિત પેનલનો ભવ્ય વિજય થયો છે. આ ચૂંટણીમાં હિતેશભાઈ કલકાણી સરપંચ પદે વિજયી બન્યા છે. આ ચૂંટણીમાં તેમની સંપૂર્ણ ટીમનો વિજય થયો છે. વિજેતા સભ્યોમાં જયાબેન પરમાર, કૈલાશબેન કોટડીયા, દયાબેન મુંધવા, હિતેશભાઈ લાવડીયા, વલ્લભભાઈ કોટડીયા, મધુબેન ધાનાણી, રાજેશભાઈ ગેવરીયા અને અલ્પેશભાઈ પીઠડીયાનો સમાવેશ થાય છે. ભાજપ પ્રેરિત પેનલના આ



વિજય બદલ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, બાબરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીવાજીભાઈ રાઠોડ, જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, હિંમતભાઈ દેત્રોજા, રાજુભાઈ વિરોજા, નથવાણી સહિતનાઓએ વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# તોરી આદર્શ માધ્યમિક શાળામાં ધોરણ ૯ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો

તોરી, તા.૨૬

વડીયા-મોટી કુંકાવાવ તાલુકાના તોરી ગામે આવેલી આદર્શ માધ્યમિક શાળામાં ધોરણ ૯માં ૩૩ વિદ્યાર્થી ભાઈ-બહેનોનો શાળા પ્રવેશોત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લાના રૂટ અધિકારી પરેશભાઈ મકવાણા,



તસવીર : વિનુભાઇ કોટડીયા

શાળાના પૂર્વ આચાર્ય બી.કે. હીરપરા, શાળાના આચાર્ય બોરીસાભાઈ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તોરી આઝાદ યુવક-મંડળના પ્રમુખ વિનુભાઈ સહિતના આગેવાનોએ શાળામાં પ્રવેશ કરનાર તમામ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પહેલથી વિદ્યાર્થીઓમાં નવા શૈક્ષણિક સત્ર માટે ઉત્સાહ વધ્યો હતો.









# અમરેલીના રાજસ્થળી ગામે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો, બાળકોનું સ્વાગત

અમરેલી,તા.૨૬

અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરુઆત કર્યા બાદ શાળાના બાળકો દ્વારા સુંદર કૃતિઓ રજૂ કરવામાં આવી અને બાળકોને કુમકુમ તિલક કરી મોઢું મીઠું કરાવીને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. બાળકોને સરપંચ ગણપતભાઈ સેંજલિયા અને સૈયદઅલી બુખારી(બાપુ) દ્વારા સુંદર મજાની



સ્કૂલ કીટ આપવામાં આવી સાથે પ્રકૃતિનું જતન કરવા માટે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાઈજન અધિકારી કમલભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં સાથે ઉપસરપંચ જામીનભાઈ, તલાટી કમ મંત્રી દેવયાનીબેન, વસંતભાઈ સેંજલિયા, દિનેશભાઈ વાઘાણી, પ્રિન્સિપાલ જીગ્નેશભાઈ અને સ્કૂલ સ્ટાફ, એસએમસી સભ્યો, વાલીઓ, આંગણવાડી કાર્યકરો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### છેલ્લાં ત્રણ વર્ષથી દર્દીઓને સારવાર માટે ત્રણ કિ.મી. દૂર ધક્કા

# બગસરાનું સરકારી દવાખાનું લોકાર્પણની રાહમાં ખંડેર બનવા તરફ

બગસરા,તા.૨૬

બગસરા શહેરની મધ્યમાં આવેલું સરકારી દવાખાનું રૂા. ૪.૫૦ કરોડના ખર્ચે અદ્યતન બનાવવામાં આવ્યું છે. દવાખાનું છેલ્લાં પાંચ માસથી તૈયાર થઈ ગયું હોવા છતાં લોકાર્પણની રાહમાં ખંડેર બની રહ્યું હોવાથી લોકોમાં ભારે રોષ ફેલાયો છે. દવાખાનું તાત્કાલિક શરૂ થાય તે માટે યાર્ડના પૂર્વ ચેરમેન કાંતિભાઈ સતાસીયાએ મુખ્યમંત્રી, આરોગ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે. શહેરમાં સરકારી દવાખાનાના નવીનીકરણ માટે રાજય સરકાર તરફથી રૂા.૪ કરોડથી વધારેની રકમ ફાળવવામાં આવી હતી. સમયમર્યાદામાં કામ પુરૂ કરવાને બદલે બે વર્ષ કરતા વધારે સમય કામગીરી ચાલી હતી. ગોકળગાય ગતિએ ચાલતા કામને કારણે દર્દીઓને ત્રણ કિ.મી. દૂર સારવાર અર્થે જવું પડે છે. જો કે હોસ્પિટલનું કામ પાંચ મહિનાથી પુરૂ થઈ ગયું હોવા છતાં લોકાર્પણ કરવામાં આવતું નથી. જેથી હોસ્પિટલ ખંડેર બનવા તરફ જઈ રહી છે. આ બાબતે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશ હડીયલ સહિત સામાજિક સંસ્થાઓએ પણ રજૂઆત કરી હતી. જયારે હોસ્પિટલ શરૂ કરવામાં આવે તે માટે યાર્ડના પૂર્વ ચેરમેન કાંતિભાઈ સતાસીયાએ પણ મુખ્યમંત્રી, આરોગ્યમંત્રીને પત્ર પાઠવ્યો છે.

#### આરોગ્યમંત્રીની તારીખ લેવા માટે લોકાર્પણ મોડું!

જાણવા મળતી માહિતી મુજબ હોસ્પિટલ તૈયાર થઈ ગયા પછી હવે આરોગ્યમંત્રી લોકાર્પણ માટે તારીખ આપે તેની રાહ જોવાઈ રહી છે. જો કે દર્દીઓની હાલાકીનો ખ્યાલ રાખી તાત્કાલિક હોસ્પિટલ શરૂ કરવામાં આવે તેવી જોરશોરથી માંગ થઈ રહી છે.

#### ખાતમુહૂર્તમાં આવેલા આગેવાનો ગોત્યા જડતા નથી

બગસરામાં સરકારી હોસ્પિટલના ખાતમુહૂર્તમાં શહેર ભાજપના આગેવાનો હોશેહોશે પહોંચી ગયા હતા અને ફોટોસેશન કરાવ્યુ હતું. પરંતુ હવે હોસ્પિટલ તૈયાર થઈ ગયા પછી આ આગેવાનો કોઈ કામગીરી કરતા નથી અને શહેરને તાત્કાલિક નવી સુવિધા મળે તે માટે હવે ગોત્યા જડતા નથી. જેથી આવા આગેવાનો સામે લોકોમાં રોષ ફેલાયો છે.

### યાર્ડના પૂર્વ ચેરમેન કાંતિભાઈ સતાસીયાએ મુખ્યમંત્રી, આરોગ્યમંત્રીને પત્ર પાઠવ્યો

---

### ગ્રામ પંચાયતની ચૂંટણીમાં હાર બાદ

# લીલીયા મોટાના સલડી ગામે સરપંચની ચૂંટણીના મનદુઃખમાં યુવક પર હુમલો

**હવે હું તને જોઈ લઈશ કહી ધમકી આપી**

લીલીયા, તા. ૨૬

લીલીયા મોટાના સલડી ગામે સરપંચની ચૂંટણીના મનદુઃખમાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. ઉપરાંત હું તને જોઈ લઈશ તેમ કહી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે પ્રગ્નેશભાઈ રમેશભાઈ રામાણી (ઉ.વ.૩૨) એ મિલનભાઈ જગાભાઈ ડેર, જીતુભાઈ મનુભાઈ ડેર, પરેશભાઈ રાવતભાઈ ડેર તથા હકાભાઈ લખુભાઈ ડેર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે જાહેર કર્યા મુજબ, તેમના ગામ ખાતે ગ્રામ પંચાયતની ચૂંટણી થઈ હતી.જીતુભાઈ ડેરના પિતા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં હારી ગયા હતા. જે બાબતનું મનદુઃખ રાખી મિલનભાઈ ડેરે તેમને ફોન કરી તું આ ચૂંટણીમાં બોવ વાયડાય કરતો હતો અને તે ગામમાં સામેના પક્ષે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉભેલ ઉમેદવારને જોઈ લેવાની માણસોને વાત કરેલ છે તો હવે તને હું જોઈ લઈશ તેવું કહીને ગાળો આપી હતી. ઉપરાંત ગામમાં જ્યાં મળશે ત્યાં તેને માર મારવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# હિરાવા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરાઈ

ધારી, તા.૨૬



ધારી તાલુકાની હિરાવા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગરથી પધારેલા જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટના અધિકારી ડો. જયશંકર ઓઢવાણી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન, નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું ઉમંગભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ડો. ઓઢવાણીએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના સ્ટાફ, વાલીઓ અને ગ્રામજનોએ પણ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકાના મોટાઝીંઝુડા ગામના વતની બાલુભાઈ પોપટભાઈ ગેડીયા ઉંમર વર્ષ ૯૦નું તા.૧૯/૦૬ના રોજ દુઃખદ અવસાન થયેલ થયેલ છે. તે ભુપતભાઈ બાલુભાઈ ગેડીયા અને હસુભાઈ બાલુભાઈ ગેડીયા હાલ અમદાવાદના પિતાશ્રી થાય છે.

**ચલાલા**

મૂળ ગામ ભાયાવદર હાલ મુંબઈ બોરીવલી નિવાસી સ્વ. ગિરધરલાલ વિઠ્ઠલદાસ જોબનપુત્રના દિકરા વિનોદરાય(ઉં.વ.૭૭) તે પ્રફુલ્લાબેનના પતિ તા.૨૩-૬-૨૦૨૫ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલા છે. તે સ્વ.જયંતિભાઈ, સ્વ.પ્રભુદાસભાઈ હસમુખભાઈ, બાબુભાઈ, કિશોરભાઈના ભાઈ તે સંજય અને દિવ્યેશના પિતા તેમજ પ્રીતિબેન અને ભાવિકાબેનના સસરા તથા જીલ, શ્રેષ્ઠા, ભવ્યના દાદા થાય છે.

**બાબરા**

બાબરા નિવાસી કુલદીપભાઈ વિનોદભાઈ ભટ્ટ (ઉ.વ.૪૩) (એડવોકેટ)નું તા. ૨૫-૬-૨૫, બુધવારના રોજે દુઃખદ અવસાન થયેલ છે. તે કેદાર ભટ્ટ અને રુત્વા ભટ્ટના પિતા તેમજ કનુભાઈ ભટ્ટ (રાજકોટ), પ્રદિપભાઈ ભટ્ટ (જેતપુર)ના ભત્રીજા તથા કમલેશભાઈ ભટ્ટ, મનિષભાઈ શાસ્ત્રી અમરેલીના નાના ભાઈ થાય છે.

## જિલ્લામાંથી કેફી પીણું પીને લથડિયા ખાતા ૫ ઈસમ પકડાયા

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાંથી કેફી પીણું પીને લથડિયા ખાતાં ૫ ઈસમોને પોલીસે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. ચાંચ, વડીયા, બગસરા, કેરીયાચાડ, અમરેલી સિટીમાંથી એક-એક મળી કુલ પાંચ ઈસમો પકડાયા હતા.

# કુંકાવાવ તાલુકાના વિવિધ ગામોના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરિત કરાયા

અમરેલી, તા.૨૬



કુંકાવાવ તાલુકાના જીથુડી, તરઘરી, લુણીધાર અને માયાપાદર ગામના ખેડૂતોને રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તાલીમ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ મુખ્ય આયામો – જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદન અને વાપ્સા – વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ અને માર્કેટિંગ અંગે પણ ખેડૂતોને વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી, જેથી તેઓ વધુ સારી રીતે પોતાના ઉત્પાદનોનું વેચાણ કરી શકે અને આર્થિક રીતે સદ્ધર બની શકે. આ પહેલથી સ્થાનિક ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતિ અને ઉત્સાહ વધ્યો છે.


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી
3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.



રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેકટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૪૨/૨૦૨૫

અરજદાર : શ્રી મંજુલાબેન પાલાભાઈ મહિડા
સરનામુ : મું.ભાડા તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ભાડા
મું.ભાડા તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ભાડા** ગામના **શ્રી મંજુલાબેન પાલાભાઈ મહિડા** એ તેમના **પુત્રી નામે શ્રી દયાબેન પાલાભાઈ મહિડા નો જન્મ** તા.૦૭/૦૮/૧૯૯૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સુરેશભાઈ આર. મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૬/૦૬/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૬૩/૨૦૨૫

અરજદાર : શ્રી બાંભણીયા દેવાણંદભાઈ છીનાભાઈ
સરનામુ : મું.રોહીસા તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના **શ્રી બાંભણીયા દેવાણંદભાઈ છીનાભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી સંગીતા દેવાણંદભાઈ બાંભણીયા નો જન્મ** તા.૧૯/૦૯/૨૦૦૧ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૨ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૨/૦૬/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૯૫/૨૦૨૫

અરજદાર : શ્રી જાદવ જ્યોતીબેન ભીખાભાઈ
સરનામુ : મું.લુણસાપુર તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - લુણસાપુર
મું.લુણસાપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લુણસાપુર** ગામના **શ્રી જાદવ જ્યોતીબેન ભીખાભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી ઉર્મિલાબેન ભીખાભાઈ જાદવ નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૧ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સુરેશભાઈ આર. મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૬/૦૬/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૫૬/૨૦૨૫

અરજદાર : શ્રી માવજીભાઈ જીણાભાઈ જોગદીયા
સરનામુ : મું.મીઠાપુર તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - મીઠાપુર
મું.મીઠાપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**


આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીઠાપુર** ગામના **શ્રી માવજીભાઈ જીણાભાઈ જોગદીયા** એ તેમના **પુત્રી નામે શ્રી રિંકલબેન માવજીભાઈ જોગદીયા નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સુરેશભાઈ આર. મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૬/૦૬/૨૦૨૫**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# અમરેલીના પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ સા.કુંડલામાં પોતાનું કાર્યાલય ફરી શરૂ કર્યું

અમરેલી,તા. ૨૬



અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ સાવરકુંડલા ખાતે પોતાનું કાર્યાલય ફરીથી શરૂ કર્યું છે. તેઓ હવે દર બુધવાર અને શનિવારે સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમિયાન પ્રજાના પ્રશ્નો સાંભળશે. કાછડીયાએ જણાવ્યું કે તેમનું કાર્યાલય ૨૦૦૯ થી કાર્યરત હતું, પરંતુ છેલ્લા એક વર્ષથી અનિયમિત બન્યું હતું. લોકોને અમરેલી સુધી આવવાની પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખીને તેમણે સાવરકુંડલામાં નિયમિત બેઠક શરૂ કરવાનો નિર્ણય લીધો છે. કાર્યાલયના પ્રથમ દિવસે જ ગ્રામ્ય વિસ્તારના કાર્યકરો, સરપંચો અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અનેક લોકોએ પોતાના વિવિધ પ્રશ્નોની લેખિત રજૂઆતો પણ કરી હતી. કાછડીયાએ સ્પષ્ટ કર્યું કે સાવરકુંડલા ઉપરાંત અમરેલીનું કાર્યાલય પણ કાર્યરત રહેશે. ખેડૂતો, રત્નકલાકારો, વેપારીઓ અને સામાન્ય નાગરિકો સહિત કોઈપણ વ્યક્તિ પોતાની રજૂઆત માટે તેમનો સંપર્ક કરી શકશે.

# રાજુલાના છતડીયા ગામે ખુલ્લા કૂવામાં ખાબકેલી નીલગાયનું રેસ્ક્યૂ

અમરેલી,તા.૨૬



રાજુલાના છતડીયા ગામ નજીક એક વાડી વિસ્તારમાં આવેલા ખુલ્લા કૂવામાં ૩ વર્ષની એક નીલગાય પડી ગઈ હતી. પાણીથી ભરેલા કૂવામાં નીલગાય પડી જતાં ખેતરના માલિકે તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. આરએફઓ નિલેષ વેગડાની સૂચનાથી વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને નીલગાયને કૂવામાંથી સુરક્ષિત બહાર કાઢવા માટે બચાવ કામગીરી હાથ ધરી હતી. આ દિલધડક ઓપરેશનમાં એક ટ્રેકરે કૂવામાં ઉતરી નીલગાયને બહાર કાઢવામાં મદદ કરી હતી. વન વિભાગની ટીમે નીલગાયને સફળતાપૂર્વક બચાવી લીધી હતી અને તેને સુરક્ષિત રીતે વાડી વિસ્તારમાં છોડી મૂકી હતી. આ કામગીરીમાં વન વિભાગના એચ.આર. બારૈયા, આર.આર. રાજગોર, ટ્રેકર ભરતભાઈ જોગદીયા, જુનેદભાઈ, મિતભાઈ અને ઉજેશભાઈ સહિતના સભ્યો જોડાયા હતા.

# સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહમાં આચાર્ય હેમવલ્લભસૂરિ મ.સા.એ મંગલ પ્રવેશ કર્યો

સાવરકુંડલા, તા.૨૬



સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ ખાતે અજાહરા તીર્થથી વિહાર કરી આચાર્ય હેમવલ્લભસૂરિ મ.સા. આદિ ૯ ઠાણા પધાર્યા હતા. વિદ્યાર્થીઓએ ઘવળી કાઢી ગુરુવંદન કર્યા અને સાહેબજીએ જૈન સંઘ અને વિદ્યાર્થીઓને માંગલિક સંભળાવ્યું. સંસ્થાની માહિતી મેળવી, વિદ્યાર્થીઓને ગિરનાર યાત્રાનું આમંત્રણ આપ્યું હતું. સાંજે વિદ્યાર્થીઓએ ઉપાશ્રયમાં સાહેબજીના વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

# બગસરાની શાળા નં.૪માં બાળકોનો પ્રવેશોત્સવ ઉજવાયો, નોટબુકનું વિતરણ

બગસરા,તા.૨૬



તસવીર : હાર્દિક બામટા

બગસરાના જેતપુર રોડ પર આવેલી શાળા નંબર ૪ ખાતે ગુરૂવારે રાજ્ય સરકાર દ્વારા આયોજિત પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જે.વી. કાકડીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડા, શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી, મનોજભાઈ મહિડા, નગરપાલિકાના સભ્ય મુકેશભાઈ ગોંડલીયા, કાળુભાઈ કિકાણી, પરસોત્તમભાઈ હીરાણી દ્વારા શાળામાં પ્રવેશનાર ૪૭ બાળકોને કીટ અર્પણ કરી શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ તકે અમદાવાદ સ્થિત શેઠ શ્રી સી.કે. પારેખ મેમોરિયલ રિલિજિયસ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપેન્દ્રભાઈ પારેખ તથા ગિરિશભાઈ પારેખ દ્વારા માતૃશ્રી ગૌ.વા. યમુનાબેન ચંપકલાલ પારેખના સ્મરણાર્થે શાળાના તમામ ૩૫૦ જેટલા બાળકોને ૧૬૦૦ નોટબુક શાળાને અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમની આભારવિધી શાળાના આચાર્ય દર્શન ઠાકરેએ કરી હતી.

# અમરેલી જિલ્લામાં ૧૨ આઈ.ટી.આઈ. ખાતે રજાના દિવસે પણ ફોર્મ ભરી શકાશે

અમરેલી, તા.૨૬

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) પ્રવેશસત્ર ૨૦૨૫ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦ જૂન, ૨૦૨૫ છે. ઉમેદવારોની સુવિધા માટે, ૨૮ અને ૨૯ જૂન, ૨૦૨૫ (શનિવાર અને રવિવાર) ના રોજ રજા હોવા છતાં, અમરેલી જિલ્લાની તમામ ૧૨ ITI સંસ્થાઓ કાર્યરત રહેશે. આ સંસ્થાઓ ખાતે ઉમેદવારોને વિનામૂલ્યે ફોર્મ ભરી આપવામાં આવશે. દરેક વિદ્યાર્થીને માસિક રૂ.૫૦૦ શિષ્યવૃત્તિ, દૂરથી આવતા તાલીમાર્થીઓ માટે બસ ટ્રાન્સપોર્ટની સુવિધા, રોજગારી તેમજ સ્વરોજગારી માટે બેંકેબલ લોન સબસિડી યોજનાનો લાભ અને મહિલા તાલીમાર્થીઓને વિદ્યાસાધના સહાય યોજના હેઠળ સાયકલ સહાય જેવા વિવિધ લાભો પણ મળવાપાત્ર છે.

# સાવરકુંડલાના ઉતાવળા હનુમાન મંદિરે સર્વરોગ આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૨૬



સાવરકુંડલા શહેરમાં આવેલા ઉતાવળા હનુમાન મંદિર ખાતે ગુરૂવારે સર્વરોગ આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યની નિયામક -આયુષની કચેરી અને જિલ્લા આયુર્વેદ અધિકારી, અમરેલીના માર્ગદર્શન હેઠળ, તેમજ ડો. હેડગેવાર સેવા સમિતિના સહયોગથી, સ.આ.દ. ઘોબા (તા. સાવરકુંડલા) દ્વારા આ ૨૧મા આયુર્વેદિક કેમ્પનું આયોજન થયું હતું. આ નિદાન કેમ્પમાં માત્ર દર્દીઓને સારવાર જ નહિ, પરંતુ દિનચર્યા, ઋતુચર્યા અને ઋતુજન્ય રોગચાળાથી બચવાના ઉપાયો અંગે પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ગુજરાતી કલાકાર દ્વારા ફિનલેન્ડમાં પ્રથમવાર લાઈવ ગરબા કાર્નિવલ યોજાશે

અમરેલી, તા.૨૬




ઝી ટીવીના જાણીતા મ્યુઝિક શો-સારેગમપ ૨૫ના ફાઈનલિસ્ટ મહર્ષિ પંડ્યા અને તેમના બેન્ડ દ્વારા ફિનલેન્ડમાં પ્રથમવાર લાઈવ ગરબા યોજાશે. એન્શિયન્ટ કલ્ચર એસોસિએશન દ્વારા સ્થાનિક એનર્જિયા અરીના ખાતે ૯ ઓગસ્ટના રોજ આ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ દરમિયાન બોલીવૂડના જાણીતા ગીતો પણ રજૂ થશે. ગુજરાતનું ગૌરવ મહર્ષિ પંડ્યા ફિનલેન્ડવાસીઓને ગરબાના તાલે ઝુમાવશે અને બોલીવૂડના ગીત-સંગીતના સથવારે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરશે.

# અમરેલીમાં યુવક તથા તેની બહેનની છબી ખરડાવવા ફોટા વાયરલ કર્યા

**અમદાવાદના યુવક અને ચિતલની યુવતી સામે ફરિયાદ**

અમરેલી, તા.૨૬

અમરેલીમાં રહેતા એક યુવક, તેની બહેન અને મિત્રની સમાજમાં છબી ખરડાવવા માટે અમદાવાદના યુવક તથા ચિતલની યુવતીએ મળી ફોટા વાયરલ કર્યા હતા. બનાવ અંગે જેશીંગપરા, રામપરા શેરી નં - ૫માં રહેતા વ્યકિતએ અમદાવાદમાં રહેતા સંજયભાઈ બુટાણી તથા ચિતલમાં રહેતી સરીતાબેન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે આરોપીએ વોટ્સએપના માધ્યમથી તેમની, તેમની બહેન અને તેમના મિત્રની બદનામી થાય તે માટે સમાચારપત્રના કટીંગના ફોટા સોશિયલ મીડિયાના માધ્યમથી તેની આબરૂને હાનિ પહોંચશે તથા સમાજમાં છબી ખરડાશે તેવું જાણવા છતા ઈરાદાપૂર્વક વોટસએપમાં વાયરલ કર્યા હતા. તેમની ઉપર લગાડવામાં આવેલ ખોટા ગંભીર આક્ષેપોને કારણે વ્યક્તિગત અને સામાજીક જીવનમાં ભારે મુશ્કેલી ઉભી કરીને બદનામી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બીજ
તા. ૨૭-૦૬-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૨૫,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૨૭-૦૬-૨૦૨૫ શુક્રવાર

- મેષ: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે આવકના નવા સ્રોત ખુલશે. સ્નેહીમિત્રોથી સહયોગ મળશે. પરિવારના સંબંધોમાં મજબૂતાઈ જણાશે.
- વૃષભ: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે વડીલોનો ઉત્તમ સહયોગ મળશે. ઢીંચણ સાંધા વિષયક તકલીફ જણાશે. રોજગારી માટે ઉત્તમ તકો મળશે.
- મિથુન: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે ધંધાકીય યોજનાઓ બનાવી શકશો. નોકરીયાતની ઇચ્છાઓ પૂર્ણ થશે. કરેલો પરિશ્રમ ફળદાયી બનશે.
- કર્ક : આ રાશિનાં જાતકો માટે આજના દિવસે સરકારી કામમાં લાભ મળશે. ધંધાકીય કામમાં લાભ થશે. કોર્ટ-કચેરીનાં કામકાજમાં સાચવવું.
- સિંહ: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે આર્થિક પાસુ મજબૂત બનશે. ધંધાકીય બાબતોમાં પ્રગતિ થશે. લેવડ-દેવડમાં સાચવીને કામ કરવું.
- કન્યા: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે પરિવારજનોનો સહયોગ મળશે. યાત્રા-પ્રવાસના યોગોથી લાભ થશે. અવિવાહિતને સારા સમાચાર મળશે.
- તુલા: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે આર્થિક બાબતોમાં સામાન્ય પરેશાની જણાશે. નોકરીયાતને કામમાં નવીન તકો મળે.
- વૃશ્ચિક: આ રાશિનાં જાતકો માટે પરદેશના કામકાજમાં લાભ થશે. નોકરીયાતને કાર્યભારમાં વધારો થશે. પૈતૃક સંપતિને લગતા પ્રશ્નોનો ઉકેલ આવશે.
- ધન: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે જૂની ઉઘરાણીમાં લાભ થશે. આવક-જાવકનું પ્રમાણ જળવાઈ રહેશે. વાહન ચલાવવામાં કાળજી રાખવી.
- મકર: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે જીવનસાથીનો સહયોગ અને સાનિધ્ય મળશે. આવકના નવા દ્વાર ખુલશે. મુશ્કેલીમાંથી માર્ગ મળશે.
- કુંભ: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે ભાઈ-બહેનોના સંબંધમાં મધુરતા જણાશે. સારા સમાચારથી ખુશીમાં વધારો થશે.
- મીન: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે ઘર વપરાશની ચીજોમાં ખર્ચાઓ થશે. સામાજિક પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. નોકરીમાં મહેનતનું ફળ મળશે.

# બગસરા તાલુકાના હામાપુર ગામે મંદબુદ્ધિની યુવતીએ ગળાફાંસો ખાધો

**જિલ્લામાં અપમૃત્યુના વધુ ત્રણ બનાવ પોલીસ ચોપડે નોંધાયા**

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. બગસરાના હામાપુર રહેતા જગદીશભાઈ પ્રભુદાસભાઈ કુબાવતે જાહેર કર્યા મુજબ, ભૂમિકાબેન અંકિતબાઈ કુબાવત (ઉ.વ.૨૧) જન્મથી મંદબુદ્ધિની હતી. છેલ્લા બે-એક મહિનાથી તે પિતાના ઘરે રહેતી હતી. તેણે ચૂંદડી વડે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એ. જોષી વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીના શેડુભાર ગામે વાડીએ રહેતી મૂળ મધ્યપ્રદેશના બીંદલીબેન મિલેષભાઈ બામણ્યોએ જાહેર કર્યા મુજબ, તેમના પતિ મિલેષભાઈ વેલસિંગભાઈ બામણ્યા (ઉ.વ.૨૪)એ વાડી ખેતરે ઝેરી દવા પી લેતા મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનની હેડ કોન્સ્ટેબલ એમ.એન. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે. લાઠીના પાડરશીંગા ગામે રહેતા શૈલેષભાઈ દોથુભાઈ ખુમાણ (ઉ.વ.૪૬)નું અપમૃત્યુ થયું હોવાનું શીવરાજભાઈ દોથુભાઈ ખુમાણે જાહેર કર્યું હતું. દામનગર પોલીસ સ્ટેશનના વુમન હેડ કોન્સ્ટેબલ વી.એન. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલાના ગેબીનાથની જગ્યાને હાનિ પહોંચાડવાના મુદ્દે પોલીસ ફરિયાદ

**ધારી મામલતદારને આવેદનપત્ર આપી વિરોધ કરવામાં આવશે**

ચલાલા, તા. ૨૬

યુટ્યૂબ પર ચાલતી ન્યૂઝ ચેનલના પત્રકાર તુષારભાઈ બસીયા દ્વારા ચલાલાના શ્રી ગેબીનાથની જગ્યા-પરિવારની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવા શબ્દપ્રયોગ કરવાથી તેમના સહિત કાઠી ક્ષત્રિય સમાજમાં ઉગ્ર રોષ વ્યાપ્યો છે. આ અંગે ભગત પરિવાર દ્વારા ચલાલા પોલીસ સ્ટેશનમાં પત્રકાર તુષારભાઈ બસીયા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ભગત પરિવાર અને ધારી તાલુકા ક્ષત્રિય સમાજ દ્વારા ધારીમાં મામલતદારને ઉગ્ર રોષ સાથે આવેદનપત્ર આપી પત્રકારનો વિરોધ કરાશે તેમ પરિવારના પ્રવિણભાઈ ભગતે જણાવેલ છે.

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૯૯/૨૦૨૫

અરજદાર : શ્રી ગુજરીયા લક્ષ્મીબેન જગાભાઈ
સરનામુ : મું.શિયાળબેટ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - શિયાળબેટ
મું.શિયાળબેટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના **શ્રી ગુજરીયા લક્ષ્મીબેન જગાભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી ભુપતભાઈ જગાભાઈ ગુજરીયા નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૭૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૬/૦૬/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૯૮/૨૦૨૫

અરજદાર : શ્રી મનાભાઈ નાનજીભાઈ સોલંકી (ઉર્ફે નનાભાઈ)
સરનામુ : મું.વાંઢ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વાંઢ
મું.વાંઢ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વાંઢ** ગામના **શ્રી મનાભાઈ નાનજીભાઈ સોલંકી (ઉર્ફે નનાભાઈ)** એ તેમના **પિતા નામે સ્વ.શ્રી નનાભાઈ હાકાભાઈ સોલંકી નું મરણ** તા.૧૦/૧૧/૧૯૯૩ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૬/૦૬/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૮૮/૨૦૨૫

અરજદાર : શ્રી ગીતાબેન રસિકલાલ અગ્રાવત
સરનામુ : મું.ગીતા જ્યોતી સોસાયટી, જાફરાબાદ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલીકા જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી ગીતાબેન રસિકલાલ અગ્રાવત** એ તેમની **પુત્રી નામે શ્રી સોનલબેન રસિકલાલ અગ્રાવત નો જન્મ** તા.૦૭/૦૧/૧૯૮૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે. એપ્રિલ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૬/૦૪/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

તંત્રી લેખ

# ડોલર ડાઉન!

વિશ્વના રંગમંચ પર અમેરિકાનું પ્રભુત્વ ઘટતું જાય છે. ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયોએ ડોલરને ડાઉન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. વિશ્વમાં આર્થિક સત્તાના કેન્દ્રમાં દાયકાઓથી રહેલો અમેરિકી ડોલર હવે પડકારનો સામનો કરી રહ્યો છે. છેલ્લા ૧૫ વર્ષમાં ડોલર સામે યુરોપિયન ચલણ યુરો અને ચીનનું યુઆન મજબૂત સ્પર્ધક તરીકે ઉભરી રહ્યા છે. આ પરિવર્તન વૈશ્વિક વેપારના વિઘટન, રાજકીય ઉથલપાથલ અને ખાસ કરીને મધ્ય પૂર્વના યુદ્ધોને કારણે વધુ ગતિ પકડી રહ્યું છે. આજે, વિશ્વભરની સેન્ટ્રલ બેંકો ડોલર પરની નિર્ભરતા ઘટાડી રહી છે. તેઓ ઝડપથી પોતાના ભંડારમાં સોનું ઉમેરી રહ્યા છે, અને યુરો તેમજ યુઆનને એક સક્ષમ વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. માત્ર એક વર્ષમાં, ડોલરથી અંતર જાળવતી સેન્ટ્રલ બેંકોએ આર્થિક વિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરી છે. ઓફિશિયલ મોનેટરી એન્ડ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન્સ ફોરમ (OMFIF) ના અહેવાલ મુજબ, ૭૫ કેન્દ્રીય બેંકોમાંથી એક તૃતીયાંશ આગામી બે વર્ષમાં સોનામાં રોકાણ વધારવાની યોજના ધરાવે છે, જ્યારે ૪૦% આગામી ૧૦ વર્ષમાં આમ કરશે. આ બેંકો સામૂહિક રીતે $૫ ટ્રિલિયન ડોલરની સંપત્તિનું સંચાલન કરે છે અને ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન રેકોર્ડ ૧૦૦૦ ટનથી વધુ સોનાની વાર્ષિક ખરીદી કરી છે. અમેરિકાની વિદેશ નીતિ અને ડોલરનો પ્રભાવ અમેરિકાના રાજકીય અને વિદેશ નીતિના નિર્ણયો, ખાસ કરીને ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન લેવાયેલા નિર્ણયો, ડોલરના પતનમાં મહત્વનો ભાગ ભજવી રહ્યા છે. ટ્રમ્પની 'દાદાગીરી' ભરી વિદેશ નીતિ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ધમકાવવાનો પ્રયાસ મોટાભાગના દેશોને નારાજ કરી રહ્યો છે. તેમની ટેરિફ વોરની જાહેરાત પછી કેન્દ્રીય બેંકોનો ડોલર પ્રત્યેનો અભિગમ બદલાઈ ગયો છે. વિશ્વ નેતા તરીકે પોતાને સ્થાપિત કરવાના પ્રયાસોમાં તેઓ વારંવાર ખોટા સાબિત થયા છે, જેના કારણે અમેરિકાની પ્રતિષ્ઠા અને ડોલરના ગૌરવશાળી સ્થાનને ધક્કો લાગ્યો છે. આ ઉપરાંત, અમેરિકા દ્વારા આર્થિક પ્રતિબંધોનો વારંવાર ઉપયોગ, ખાસ કરીને રશિયા અને ઈરાન જેવા દેશો સામે, વૈશ્વિક વેપારમાં ડોલરના ઉપયોગ સામે વૈકલ્પિક વ્યવસ્થાઓ વિકસાવવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. જ્યારે કોઈ દેશને ડોલર આધારિત વૈશ્વિક નાણાકીય પ્રણાલીમાંથી બાકાત રાખવામાં આવે છે, ત્યારે તેને અન્ય ચલણોમાં વેપાર કરવા અથવા વૈકલ્પિક ચુકવણી પ્રણાલીઓ બનાવવાની ફરજ પાડે છે. આના પરિણામે વૈશ્વિક નાણાકીય લેણદેણમાં ડોલરનો હિસ્સો ધીમે ધીમે ઘટવા લાગ્યો છે.યુદ્ધની ડોલરના પ્રભુત્વ પર અસર પરંપરાગત રીતે, વૈશ્વિક સંઘર્ષના સમયે ડોલરને 'સેફ હેવન' ચલણ તરીકે જોવામાં આવતો હતો, જ્યાં રોકાણકારો અસુરક્ષાના સમયમાં પોતાની મૂડી સુરક્ષિત રાખવા માટે આશ્રય લેતા હતા. જોકે, વર્તમાન યુદ્ધો અને ભૌગોલિક-રાજકીય તણાવોની અસર ડોલર પર વિપરિત જોવા મળી રહી છે. ખાસ કરીને મધ્ય પૂર્વના યુદ્ધોએ અમેરિકાની ભૂમિકા અને તેના આર્થિક બોજને વધાર્યો છે. લાંબા સમયથી ચાલતા યુદ્ધો અને તેના પર થતા ટ્રિલિયન ડોલરના ખર્ચાઓ અમેરિકાના દેવામાં વધારો કરી રહ્યા છે, જે ડોલરની સ્થિરતા અંગે ચિંતાઓ ઊભી કરી રહ્યા છે.

# દલાઈ લામા વિવાદમાં ચાઇનાનો હસ્તક્ષેપ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ


દલાઈ લામા અને ચીન વચ્ચેનો વિવાદ એ ચીનના તિબેટ પરના આધિપત્ય અને દલાઈ લામાની ભૂમિકા બાબતે છે. ૧૯૫૦માં ચીને તિબેટ પર કબ્જો કર્યો અને ૧૯૫૯માં દલાઈ લામા તિબેટ છોડી ભારત આવ્યા, જે પછી ચીનના અત્યાચારો વધ્યા અને તિબેટમાંથી હજારો લોકો ભાગીને ભારતમાં આવ્યા. ચીન સરકાર દલાઈ લામાને "અલગાવવાદી" માને છે અને તિબેટ પર પોતાનો સંપૂર્ણ અધિકાર જાહેર કરે છે. દલાઈ લામા ચીનથી આઝાદી નહીં, પણ સ્વાયત્તતા માગે છે. ચીન દલાઈ લામાની રાજકીય અને આધ્યાત્મિક ભૂમિકાને ઓળખતું નથી અને દલાઈ લામાના ઉત્તરાધિકારીની પસંદગી પર પોતાનો અધિકાર હોવાનો દાવો કરે છે. ચીની હસ્તક્ષેપને કારણે તિબેટીઓ ઉશ્કેરાઈ શકે છે. તિબેટી કાર્યકર્તા અને કવિ તેનઝિન સુન્ડુએ જણાવ્યું હતું કે દલાઈ લામા આશરે સાત દાયકાથી તિબેટમાં તેમના ઘરથી દૂર છે. આનાથી તિબેટમાં રહેતા તિબેટીઓમાં પીડા, ગુસ્સો, હતાશા અને નિરાશાની લાગણી પહેલાથી જ પેદા થઈ ગઈ છે. તેમણે કહ્યું કે ઉત્તરાધિકારની પસંદગીમાં ચીનની દખલગીરી તિબેટીઓને હિંસક બનાવી શકે છે. બીજી તરફ, દલાઈ લામાના ઉત્તરાધિકારીની પસંદગીનો પ્રશ્ન વધુ મહત્ત્વપૂર્ણ બની ગયો છે. કારણ કે દલાઈ લામાનું સ્વાસ્થ્ય હવે સારું રહેતું નથી. તેમના અનુયાયીઓ તેમના સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવા લાગ્યા છે. આ વિવાદે ભારત-ચીન સંબંધો પણ ખરાબ કર્યા છે, જેનું પરિણામ ૧૯૬૨ના યુદ્ધ સુધી પણ જોવા મળ્યું હતું. તિબેટીયન ધર્મગુરુ દલાઈ લામા ૬ જુલાઈએ ૯૦ વર્ષના થશે.

દલાઈ લામાએ જાહેરાત કરી છે કે તેઓ તેમના ૯૦મા જન્મદિવસે તેમના ઉત્તરાધિકારીની પસંદગી માટેની યોજના જાહેર કરશે. આમાં સમયની જટિલતાઓનું ધ્યાન રાખવામાં આવશે. આ દરમિયાન, સૌથી મોટો પડકાર ઉત્તરાધિકારીની પસંદગીની પ્રક્રિયાને હાઈજેક કરવાના ચીનના પ્રયાસોનો સામનો કરવાનો છે. દલાઈ લામાએ કહ્યું છે કે તેમના ઉત્તરાધિકારીનો જન્મ એક સ્વતંત્ર દેશમાં થશે. આ દર્શાવે છે કે આગામી દલાઈ લામા તિબેટીયન નિર્વાસિતોમાંથી એક હોઈ શકે છે. જેની સંખ્યા લગભગ ૧ લાખ ૪૦ હજાર છે. તિબેટની બહાર રહેતા આ તિબેટીઓમાંથી અડધા ભારતમાં રહે છે. દલાઈ લામાએ એમ પણ કહ્યું છે કે તેમના ઉત્તરાધિકારી કોઈપણ પુખ્ત વયના હોઈ શકે છે, તે જરૂરી નથી કે તે પુરુષ હોય. દલાઈ લામા આશરે સાત દાયકા પહેલા ૧૯૫૯માં ચીનના જુલમથી બચવા માટે હજારો તિબેટીઓ સાથે ભારત આવ્યા હતા. ત્યારથી તેઓ ભારતમાં રહીને તિબેટીઓના અધિકારો માટે લડી રહ્યા છે. ઉત્તરાધિકારીની પસંદગીની તિબેટી પરંપરા મુજબ, દલાઈ લામાના ઉત્તરાધિકારી એ છે જેની શોધ વર્તમાન દલાઈ લામાના મૃત્યુ પછી શરૂ થાય છે. એવી પરંપરા છે કે દલાઈ લામાનો ક્યાંક પુનર્જન્મ થયો છે. પરંતુ દલાઈ લામાએ સંકેત આપ્યો છે કે તેઓ આ સ્થાપિત પ્રથાને બદલી શકે છે. આનું કારણ ચીનને બેકફૂટ પર લાવવાનું છે, કારણ કે ચીન નવા ઉત્તરાધિકારીની શોધમાં અવરોધો ઉભા કરી શકે છે. ચીનનો પેંતરોઃ ચીન દલાઈ લામાના ઉત્તરાધિકારી તરીકે તેના લામાને આગળ કરી શકે છે. ૧૯૮૯ માં, તિબેટના બીજા સૌથી મોટા આધ્યાત્મિક ગુરુ ગણાતા ૧૦મા પંચેન લામાનું અવસાન થયું.

આ પછી, ૬ વર્ષના લામા જેને દલાઈ લામાએ પોતાનો ઉત્તરાધિકારી માન્યો હતો તેને તિબેટમાં ગાયબ કરી દેવામાં આવ્યા. ત્યારથી તે જોવા મળ્યા નથી. ત્યારબાદ ચીને તેમના સ્થાને પોતાના પંચેન લામાને પસંદ કર્યા અને તેમને પ્રમોટ કર્યા છે. દલાઈ લામા એ તિબેટના આધ્યાત્મિક નેતા છે. એમનું અસલી નામ લ્હામો થોન્ડૂપ છે અને તેઓ ૬ જુલાઈ, ૧૯૩૫ના રોજ જન્મ્યા હતા. દલાઈ લામા એ માત્ર એક વ્યક્તિ નથી, પણ એક પદ છે, જેને તિબેટી બૌદ્ધ ધર્મમાં આધ્યાત્મિક ગુરૂ કે શિક્ષક તરીકે સમજવામાં આવે છે. "લામા" એટલે ગુરૂ અને "દલાઈ" એટલે મહાન સાગર, એટલે કે જ્ઞાનનો મહાન ભંડાર. દલાઈ લામા તિબેટી બૌદ્ધ ધર્મના નેતા છે અને તેઓ દુનિયાભરના બૌદ્ધોને માર્ગદર્શન આપે છે. દલાઈ લામાનો ઈતિહાસ તિબેટ અને ચીન વચ્ચેના સંઘર્ષ સાથે જોડાયેલો છે. ૧૯૫૦ના દાયકામાં ચીને તિબેટ પર કબજો કરી લીધો હતો. તિબેટના લોકોએ ચીનના શાસન સામે વિરોધ કર્યો, પરંતુ તેઓ સફળ ન થયા. દલાઈ લામાએ પોતાના જીવનની રક્ષા માટે તિબેટ છોડી ભારતમાં શરણ લીધું હતું. એમણે પોતાના પરિવાર અને અનુયાયીઓ સાથે ખૂબ મુશ્કેલીમાં તિબેટ છોડ્યું અને ભારતમાં પ્રવેશ કર્યો. દલાઈ લામાને ભારતમાં શરણ મળ્યું અને એમના પાછળ લગભગ ૮૦,૦૦૦ તિબેટી લોકો પણ ભારતમાં આવીને વસ્યા. ચીન દલાઈ લામાને અલગાવવાદી નેતા માને છે અને તેઓ તિબેટને પોતાનો ભાગ માને છે. દલાઈ લામા જ્યાં પણ જાય છે, ચીન તેનો વિરોધ કરે છે. દલાઈ લામા ભારતમાં રહેતા હોવાથી ચીન સાથેના સંબંધો ખરાબ રહે છે. દલાઈ લામાએ ક્યારેય ચીનથી આઝાદી માંગી નથી, પણ તિબેટ માટે સ્વાયત્તતા માંગી છે. દલાઈ લામા એ શાંતિ અને કરુણાના પ્રતીક છે. ૧૯૮૯માં એમને શાંતિનો નોબેલ પુરસ્કાર મળ્યો હતો. તેઓ પોતાના લોકોને સાચા રસ્તે ચાલવાની પ્રેરણા આપે છે અને દુનિયામાં શાંતિ અને માનવતાનો સંદેશ આપે છે. સરળ ભાષામાં, દલાઈ લામા એક આધ્યાત્મિક ગુરૂ છે જે તિબેટના લોકોના નેતા અને શિક્ષક છે. એમનું જીવન તિબેટની સ્વતંત્રતા માટેના સંઘર્ષ અને શાંતિના સંદેશ સાથે જોડાયેલું છે. દલાઈ લામા ભારતમાં રહે છે અને તિબેટના લોકો માટે આશા અને માર્ગદર્શક બની રહ્યા છે.

**તિબેટ પર પોતાનું આધિપત્ય જળવાઈ રહે તે માટે ચાઇના દ્વારા ષડયંત્ર કરવામાં આવે તેવું લાગે છે. દલાઈ લામાના ઉત્તરાધિકારીની પસંદગી નજીકના ભવિષ્યમાં કરવામાં આવશે. આ વખતે એવો સંકેત આપવામાં આવ્યો છે કે વિદેશમાં વસતો કોપણ તિબેટીયન દલાઈ લામાના પદ પર બિરાજી શકે છે.**

## શબ્દ સંજોગ-૨૦૨૫



**આડી ચાવી :**
(૧) બળની સમતોલ ગોઠવણી (૪)
(૪) બોરિયું ઘાલવાનું નાકું (૨)
(૬) કાચ બનાવનાર કારીગર (૪)
(૮) ખરેખર (૨)
(૯) એક છંદ (૨)
(૧૧) વિચાર, મનન (૨)
(૧૨) હિમાલય (૪)
(૧૫) કાંસીજોડાં, ઝાંઝ (૪)
(૧૭) વાટ, રાહ (૩)
(૧૮) તલપવું-તલસવું તે (૪)
(૧૯) વડીલ માટે સંબોધન (૧)
(૨૦) ખેંચાખેંચી, તકરાર (૪)
(૨૧) એક ફળ (૩)
(૨૨) સરેરાશ (૪)
(૨૪) અપચો, અજીર્ણ (૨)
(૨૫) ખાંડના ચકતાંનો હાર (૩)
(૨૬) મદદ કરનાર (૫)
(૨૭) પ્રકાશ, અજવાળું (૩)

**ઉભી ચાવી :**
(૧) બળ વગરનું, નિર્બળ (૪)
(૨) સ્ત્રીઓનું એક ઘરેણું (૨)
(૩) બરબાદ, પાયમાલ (૨)
(૪) લીંપવા માટે બનાવેલો છાણમાટીનો ગારો (૨)
(૫) નવા કાયદાનો ખરડો (૨)
(૭) ખાડો, ખાણ (૨)
(૮) સૃષ્ટિનો કરનારો-સ્રષ્ટા (૪)
(૧૦) સખત મહેનત (૩)
(૧૧) ઈન્દ્રિયોને સ્વાધીન રાખનારું, સંયમી (૩)
(૧૩) સારું ટાણું (૪)
(૧૪) ત્રાંસું, તીરછું (૪)
(૧૫) જરૂરી ખર્ચ જ કરવું-થવા દેવું તે (૫)
(૧૬) લક્ષાધિપતિ (૪)
(૨૧) જોડમાંનું એક (૩)
(૨૩) એક રોગ જેમાં ઝાડા વાટે લોહી પડે છે (આ-અ) (૩)
(૨૪) ચામડાં ઉપરનો વેરો (૨)
(૨૫) નિરાંત, જંપ (૨)

## શબ્દ સંજોગ-૨૦૨૪ જવાબ

**આડી ચાવીઃ** (૧) છંદ (૨) હવન (૪) મખ (૬) મરણ (૭) વિગત (૮) વૃજિન (૯) જમના (૧૧) ખોટું (૧૫) ટપોટપ (૧૮) કાષ્ઠ (૧૯) રોલ (૨૨) ટહેલ (૨૪) દમણ (૨૬) કાર્ય (૨૭) બોર (૨૮) અંતર.

**ઉભી ચાવી :** (૧) છંદવૃત (૨) હર (૩) વણજ (૪) મગ (૫) ખતરો (૬) મનખો (૭) વિના (૧૦) મર્કટ (૧૨) ટુંકારો (૧૩) પટ (૧૪) પૃષ્ઠ (૧૬) પોપટ (૧૭) પટેલ (૧૮) કાસદ (૨૦) લલકાર (૨૧) ભાણ (૨૨) હેમંત (૨૫) મર્ત્ય.

# માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૪૦ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૪૭ |
| જુવાર સફેદ | ૭૧૦ | ૮૬૫ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૮૦ |
| બાજરી | ૩૯૧ | ૪૨૨ |
| તુવેર | ૧૦૯૦ | ૧૩૧૭ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૪૩૦ | ૨૧૧૧ |
| અડદ | ૧૧૭૦ | ૧૪૨૬ |
| મગ | ૧૨૯૦ | ૧૫૪૪ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૧૧૦૦ | ૧૯૦૦ |
| મઠ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૯૧૦ | ૧૯૬૦ |
| કળથી | ૬૫૦ | ૮૩૧ |
| રાજમા | ૧૧૫૧ | ૨૧૫૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૧૦૪૫ | ૧૧૫૦ |
| મગફળી જીણી | ૯૭૬ | ૧૨૪૭ |
| તલી | ૧૫૫૦ | ૨૧૦૦ |
| એરંડા | ૧૧૭૧ | ૧૩૦૧ |
| અજમો | ૯૦૦ | ૧૪૫૦ |
| સુવા | ૧૦૭૫ | ૧૪૧૦ |
| સોયાબીન | ૭૮૮ | ૮૩૧ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૩૫૫ |
| કાળા તલ | ૨૭૫૦ | ૩૪૨૦ |
| લસણ | ૭૫૦ | ૧૨૮૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૧ |
| ધાણી | ૧૧૨૫ | ૧૪૨૫ |
| વરીયાળી | ૮૩૦ | ૧૦૮૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૭૫ |
| રાય | ૧૧૮૦ | ૧૩૫૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૬૦ |
| અશેરીયો | ૧૩૦૫ | ૧૩૦૫ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૯૪૦ |
| રાયડો | ૧૧૧૦ | ૧૨૨૩ |
| રજકાનું બી | ૪૨૦૦ | ૫૪૫૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૧૦૦૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૭૧ | ૩૮૦ |
| ડુંગળી સુકી | ૧૨૫ | ૩૨૦ |
| ટમેટા | ૪૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૮૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૧૧૫૦ |
| દુધી | ૩૫૦ | ૪૫૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૫૦ | ૫૫૦ |
| બીટ | ૩૫૦ | ૫૩૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૪૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૬૧૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૫૭૬ |
| મગફળી જીણી | ૮૨૧ | ૧૦૯૧ |
| સિંગદાણા જાડા | ૧૨૬૧ | ૧૭૦૦ |
| સિંગ ફાડીયા | ૮૩૧ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૯૧ | ૧૨૫૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૨૧ |
| ક્લંજી | ૩૫૦૧ | ૩૮૭૧ |
| વરીયાળી | ૬૭૧ | ૬૭૧ |
| ધાણા | ૮૫૧ | ૧૪૨૧ |
| લસણ સુકું | ૬૧૧ | ૧૨૫૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૨૯૧ |
| અડદ | ૯૫૧ | ૧૪૦૧ |
| તુવેર | ૮૫૧ | ૧૩૫૧ |
| રાય | ૧૧૫૧ | ૧૧૫૧ |
| મેથી | ૫૫૦ | ૯૮૧ |
| કાંગ | ૩૦૧ | ૪૯૧ |
| મગફળી જાડી | ૭૦૧ | ૧૨૫૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૨૦૬૧ |
| મગફળી નવી | ૮૩૧ | ૧૩૨૧ |
| ધાણી | ૯૫૧ | ૧૫૦૧ |
| ડુંગળી સફેદ | ૯૧ | ૨૫૬ |
| બાજરો | ૨૭૧ | ૪૫૧ |
| જુવાર | ૪૦૧ | ૯૪૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૫૧ |
| મગ | ૧૨૫૧ | ૧૫૨૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૬ |
| વાલ | ૩૫૧ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૬૦૧ | ૧૯૦૧ |
| સોયાબીન | ૭૧૧ | ૮૩૬ |
| ગોગળી | ૬૭૬ | ૧૦૮૧ |
| વટાણા | ૧૨૭૧ | ૨૧૨૧ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૧૦ | ૧૦૬૮ |
| શિંગ મોટી | ૭૪૧ | ૧૧૮૨ |
| શિંગ દાણા | ૧૨૫૦ | ૧૯૫૦ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૪૫૫ |
| તલ સફેદ | ૧૨૪૦ | ૨૨૭૦ |
| તલ કાળા | ૨૧૮૦ | ૩૩૮૫ |
| તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૩૦૦ |
| બાજરો | ૩૯૯ | ૫૧૫ |
| જુવાર | ૩૧૨ | ૮૧૫ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૩૯ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૪૦ |
| મગ | ૧૦૦૦ | ૧૩૬૫ |
| ચણા | ૯૩૦ | ૧૧૧૬ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૮૦ |
| છોલે ચણા | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ચોળી | ૧૬૮૦ | ૧૬૮૦ |
| તુવેર | ૯૫૦ | ૧૨૭૦ |
| કપાસ | ૮૯૬ | ૧૬૬૦ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૮૭ |
| જીરૂ | ૨૪૫૦ | ૩૬૧૫ |
| ધાણા | ૧૦૭૦ | ૧૨૫૪ |
| ધાણી | ૧૦૧૫ | ૧૩૩૫ |
| મેથી | ૬૫૫ | ૮૦૪ |
| સોયાબીન | ૬૭૧ | ૮૧૧ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૧૦ |
| રીંગણા | ૮૦૦ | ૯૦૦ |
| ફુલાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૨૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૬૫૦ | ૭૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દૂધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૧૮૦૦ |
| વટાણાં | ૨૦૫૦ | ૨૪૦૦ |
| ચોળા લીલા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૩૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ફુદીનો | ૫૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૩૦ |
| સરગવો | ૮૫૦ | ૯૩૦ |
| લીમડો મીઠો | ૧૧૦ | ૧૩૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૨૦ |
| ડુંગળી સૂકી | ૧૨૦ | ૩૦૦ |
| લસણ સુકુ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૮૦ |
| લીંબુ | ૨૫૦ | ૩૫૦ |
| પાલક | ૧૦૫૦ | ૧૨૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૫૫ | ૮૫૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૦૧ |
| મગ | ૧૨૫૦ | ૧૩૭૦ |
| તલ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| તલ કાળા | ૨૪૨૪ | ૨૪૨૪ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૪ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૭૦ | ૧૫૭૦ |
| તુવેર | ૧૦૦૨ | ૧૦૫૨ |
| શિંગદાણા | ૧૪૦૬ | ૧૫૦૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ઘઉં લોકવન | ૩૨૫ | ૪૯૩ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૪૯૨ |
| જુવાર | ૫૦૦ | ૮૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૯૦ |
| ધાણા | ૧૧૫૫ | ૧૨૨૫ |
| શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૨૪૦ |
| મગફળી | ૯૫૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૦ |
| મગ | ૯૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૫૫ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૬૪૫ |
| એરંડી | ૭૬૫ | ૧૧૩૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ચણા સોલે | ૧૪૧૫ | ૧૪૧૫ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૫૧ | ૧૬૨૫ |
| કપાસ મીડીયમ | ૧૩૫૦ | ૧૪૫૦ |
| મગફળી | ૯૯૦ | ૧૦૭૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૧૦ |
| તલ સફેદ | ૧૫૬૦ | ૧૯૧૦ |
| તલ કાળા | ૨૫૩૫ | ૩૧૧૫ |
| ચણા | ૧૦૪૨ | ૧૦૯૮ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૮૭૫ | ૧૦૦૧ |
| તલ સફેદ | ૧૪૮૦ | ૧૯૭૦ |
| તલ કાળા | ૨૬૫૨ | ૩૦૪૦ |
| તલ પીળા | ૧૭૦૦ | ૧૮૪૬ |
| કપાસ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| બાજરો | ૩૯૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૨૫ |
| જુવાર | ૪૦૧ | ૮૮૦ |
| મકાઇ | ૬૪૧ | ૬૪૧ |
| મગ | ૧૨૫૦ | ૧૪૦૧ |
| ચણા | ૧૦૪૨ | ૧૦૬૭ |
| સોયાબીન | ૩૫૧ | ૮૦૧ |
| રાય | ૯૦૦ | ૯૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૩૦ | ૧૦૭૦ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૦૮૫ |
| શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| શીંગ દાણા | ૧૨૫૦ | ૧૫૮૧ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૨૧૭૦ |
| તલ કાળા | ૨૬૫૦ | ૩૩૨૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૫૬૧ |
| કપાસ | ૧૪૬૦ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૫૩૧ | --- |
| બાજરો | ૩૫૦ | ૫૧૨ |
| જુવાર | ૭૨૫ | --- |
| મકાઈ | ૫૭૬ | --- |
| મગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૯૯ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૩૫ |
| તુવેર | ૯૦૦ | ૧૧૨૨ |
| એરડી | ૧૧૮૫ | --- |
| મેથી | ૬૪૭ | ૭૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૩૦ | ૧૦૭૨ |
| મગફળી ૩૨ નં. | ૯૨૧ | ૧૦૩૮ |
| મગફળી નવી | ૯૧૧ | ૧૦૩૦ |
| બાજરી હાઈબ્રીડ | ૨૮૦ | ૫૧૨ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૪ |
| જુવાર | ૫૨૫ | ૭૭૨ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૯૬ |
| મગ | ૧૨૨૫ | ૧૭૫૦ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૮૯ |
| સફેદ તલ | ૧૩૦૦ | ૧૯૬૨ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૨૦૫ |
| સોયબીન | ૭૦૦ | ૮૨૬ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૮૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૯૦૧ | ૧૫૯૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૦ |
| મગ | ૯૦૦ | ૧૩૮૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૧ |
| અડદ | ૯૦૦ | ૧૨૮૧ |
| તુવેર | ૯૦૦ | ૧૩૨૧ |
| મગફળી | ૭૦૦ | ૯૫૬ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૨૦૨૧ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૭૬ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૩૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૫૬ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૬ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ નવી | ૧૦૪૦ | ૧૨૫૦ |
| શીંગ ૩૨ | ૯૩૫ | ૧૦૪૦ |
| શીંગ જી-૨૦ | ૯૩૦ | ૧૦૫૨ |
| એરંડા | ૧૦૫૫ | ૧૦૭૦ |
| જુવાર | ૨૫૦ | ૬૬૬ |
| બાજરી | ૨૫૦ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૭૧ |
| અડદ | ૧૦૨૫ | ૧૩૬૪ |
| મગ | ૧૦૬૦ | ૧૪૬૫ |
| સોયાબીન | ૫૫૦ | ૭૮૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ચણા | ૭૧૦ | ૧૧૩૦ |
| તલ સફેદ | ૧૨૫૬ | ૨૧૦૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૨૩૨ |
| તુવેર | ૩૬૦ | ૧૦૯૦ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૩૩૫ |
| ડુંગળી સફેદ | ૭૯ | ૨૬૨ |
| નાળીયેર | ૧૩૯૯ | ૨૬૧૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૬૧૫ | ૭૭૫ |
| બાજરો | ૪૪૫ | ૫૦૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૫ |
| મગ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| તુવેર | ૭૦૦ | ૧૧૦૫ |
| ચોળી | ૧૧૦૦ | ૧૫૪૫ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| મેથી | ૭૫૦ | ૯૮૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૯૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૧૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| તલ | ૧૬૫૦ | ૨૧૨૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૨૦૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૭૧ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૫૫ |
| લસણ | ૪૨૫ | ૧૩૧૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૮૫૫ |
| અજમો | ૯૭૦ | ૨૪૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૫ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૩૨૦ |
| ડુંગળી નાસિક | ૨૫૦ | ૪૦૫ |
| સોયાબીન | ૭૧૫ | ૮૦૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજ્યના આવાસ લાભાર્થીઓ પાસેથી વાર્ષિક રૂ.૨૦૦ ઘર વેરા આકરાણી લેવા મુખ્યમંત્રીનો નિર્ણય

ગાંધીનગર,તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં સરકારની સહાયથી નિર્માણ થયેલા આવાસોના લાભાર્થીઓના વ્યાપક હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિર્ણય અનુસાર કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજના પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) સહિતની વિવિધ યોજનાઓમાં સરકારની સહાયથી બનેલા આવાસો માટે રાજ્યભરમાં આવાસ લાભાર્થીઓ પાસેથી એક સમાન દરે વાર્ષિક રૂ.૨૦૦ ઘર વેરા આકારણી પેટે લેવામાં આવશે. રાજ્યની તમામ ગ્રામ પંચાયતોની હદમાં સરકારી સહાયથી બનેલા આવાસોની હાલની ઘર વેરા આકારણીના સમયગાળાથી આગામી ૪ વર્ષ માટે વાર્ષિક ૨૦૦ રૂપિયાના આ આકારણીના દર નક્કી કરવામાં આવ્યા છે. કોઈપણ ગ્રામ પંચાયત આ વાર્ષિક ૨૦૦ રૂપિયાના નિર્ધારિત દરથી વધારે રકમ વસૂલ કરી શકશે નહીં તેવો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, ચાર વર્ષ પછી આ આકારણી દરની રાજ્ય સરકાર સમીક્ષા હાથ ધરશે. પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની આવાસ યોજનાઓના લાભાર્થીઓની આર્થિક સ્થિતિ નબળી હોય છે અને આવા લાભાર્થીઓને પોતીકા આવાસ બાંધકામ માટે પણ સરકાર આર્થિક સહાય આપીને 'ઘરના ઘર'નું સપનું સાકાર કરવા પડખે ઊભી રહે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ આવાસ યોજનાના લાભાર્થીઓ પ્રત્યે સંવેદનશીલતા દર્શાવતા રાજ્યમાં ગ્રામીણ ક્ષેત્રોમાં સરકારી સહાયથી બનેલા આવાસો માટે એક સમાન એટલે કે, વાર્ષિક રૂ.૨૦૦ના દરે ઘર વેરા આકારણી કરવાનો નિર્ણય કર્યો છે.

# રાજ્યમાં ધો. ૧ થી ૧૨ના પુસ્તક વિતરણની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ

ગાંધીનગર,તા.૨૬

રાજ્યભરમાં તા. ૨૬ થી ૨૮ જૂન દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રી મંડળના સભ્યો તેમજ પદાધિકારીઓ-અધિકારીઓની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ યોજાઈ રહ્યો છે. જેના ભાગરૂપે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા અનોખી પહેલ રૂપે રાજ્યમાં નવીન શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલાં જ શાળાઓની માંગણી મુજબ વિનામૂલ્ય પાઠ્યપુસ્તક યોજના હેઠળ ધોરણ ૧ થી ૧૨ના પુસ્તક વિતરણની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરી દેવામાં આવી છે. શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર અને રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાના સતત માર્ગદર્શનમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬ માટે વિનામૂલ્ય યોજના હેઠળ અંદાજીત ૪.૫ કરોડ પાઠ્યપુસ્તક અને કિંમતવાળા અંદાજીત ૧.૫ કરોડ પાઠ્યપુસ્તક આમ, કુલ




૦૬ કરોડથી વધુ પાઠ્યપુસ્તકો રાજ્યના ધોરણ-૧ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ સુધી સમય પહેલા એટલે કે, શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા જે તે શાળામાં પહોંચાડવામાં આવ્યા છે. આ ઉપરાંત ધોરણ-૯માં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ વેકેશનમાં અગાઉથી જ અભ્યાસ કરી શકે તે માટે ધોરણ-૧૦ના પુસ્તકો તેવી જ રીતે ધોરણ-૧૧માં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ વેકેશનમાં વાંચન કરી શકે તે હેતુથી ધોરણ-૧૨ના પુસ્તકો એડવાન્સમાં આપવામાં આવે છે તેમ, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા જણાવવાયું છે.

# કોડીનારમાં ૧૮ ગ્રામ પંચાયતોની મતગણતરી, વિજેતા ઉમેદવારો જાહેર

કોડીનાર, તા.૨૬

કોડીનાર તાલુકા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કુલ ૨૧ ગ્રામ પંચાયતો પૈકી ૩ (અરીઠીયા, મૂળદ્વારકા અને રોણાજ) સમરસ જાહેર થઈ હતી. બાકીની ૧૮ ગ્રામ પંચાયતો માટે ૨૨મી તારીખે મતદાન થયા બાદ પાંજરાપોળ કન્યાશાળા ખાતે મતગણતરી યોજાઈ હતી. બેલેટ પેપરના કારણે મતગણતરીમાં સમય લાગ્યો હતો. પોલીસ બંદોબસ્ત વચ્ચે પરિણામો જાહેર થયા હતા. વિજેતા ઉમેદવારોમાં અનિતાબેન સોલંકી (ચૌહાણની ખાણ), રમેશપુરી ગોસ્વામી (મોરવડ), જયાબેન મોરી (આણંદપુર), હીરૂબેન પરમાર (જંત્રાખડી), માસુબેન મકવાણા (જગતિયા), કનુભાઈ રામ (કંટાળા), ગોવિંદભાઈ વાળા (કડોદરા), બબીતાબેન મઘાઈ (જીથલા), કરસનભાઈ સોલંકી (પાવટી), કાનાભાઈ સોલંકી (માલગામ), જશુભાઈ ડોડીયા (પાંચ પીપળવા), નિમુબેન પરમાર (નવાગામ), હંસાબેન સોસા (નાનાવાડા), રાયસિંહભાઈ પઢીયાર (અરણેજ) અને સેજલબેન વાઢેળ (ગોહિલની ખાણ) નો સમાવેશ થાય છે.

# કોડીનાર-વેરાવળ હાઈવે પર શંકાસ્પદ અનાજ ભરેલી બોલેરો પલટી : જથ્થો સગેવગે, તંત્રની દોડધામ

કોડીનાર,તા.૨૬

કોડીનાર-વેરાવળ નેશનલ હાઈવે પર ગત રાત્રિના ૧૦:૩૦ વાગ્યા આસપાસ શંકાસ્પદ અનાજ ભરેલી પૂરપાટ ઝડપે આવતી એક બોલેરો પીકઅપ નં. (GJ ૧૧ X ૮૩૭૭) અંબુજાનગર પાસે નવાગામના પાટિયા નજીક પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં બોલેરોના ત્રણ સવારને સામાન્ય ઈજાઓ થતાં તેમને ૧૦૮ મારફતે રા.ના.


તસવીર : કૈલાશ ભટ્ટ

વાળા હોસ્પિટલ, કોડીનાર ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બાદ તરત જ બોલેરોમાં ભરેલો શંકાસ્પદ ઘઉં અને ચોખાનો જથ્થો ગણતરીની મિનિટોમાં અન્ય વાહન (નં. GJ ૧૬ AU ૭૬૨૨)માં ટ્રાન્સફર કરીને સગેવગે કરી દેવામાં આવ્યો હતો. આ અનાજનો જથ્થો સરકારી રેશનિંગનો હોવાની જાણ થતાં કોડીનારના નાયબ મામલતદાર વિજયસિંહ રાત્રિના સમયે ઘટનાસ્થળે પહોંચ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં અનાજ ભરેલું વાહન રવાના થઈ ગયું હતું અને તંત્રના હાથમાં કંઈ આવ્યું ન હતું. લોકો એવી માંગ કરી રહ્યા છે કે તંત્ર ઈજાગ્રસ્તો તેમજ વાયરલ થયેલા વીડિયોના આધારે ઊંડાણપૂર્વક તપાસ કરીને આ મોટા રેશનિંગ માફિયાઓ સુધી પહોંચે.

# ધોરાજી શાકમાર્કેટ પાસે મળેલ લાશ કેસમાં પત્નીએ પતિના મિત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

ધોરાજી,તા.૨૬

બે દિવસ પહેલાં ધોરાજીની નવી શાકમાર્કેટ પાસે ગંદા પાણીના નિકાલના બુગદામાંથી એક ૪૫ વર્ષીય વ્યક્તિનો નગ્ન હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ ધોરાજીના રામપરા વિસ્તારના દેવીપૂજક બટુકભાઈ નરસિંહભાઈ મકવાણા તરીકે થઈ હતી. ધોરાજી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. ત્યારબાદ, મૃતક બટુકભાઈના પત્ની તારાબેને પોતાના પતિના નજીકના મિત્ર વિક્રમભાઈ મકવાણા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તારાબેને જણાવ્યું કે તેમના પતિ બટુકભાઈ અને વિક્રમ વારંવાર સાથે જોવા મળતા હતા. તેમને શંકા છે કે બંને વચ્ચેની કોઈ તકરારને કારણે તેમના પતિની હત્યા થઈ છે. ઘટનાસ્થળે મૃતકના માથા પર ગંભીર ઈજાના નિશાન જોવા મળ્યા હતા, જ્યારે તેમના કપડાં અને ચપ્પલ બુગદાથી થોડે આગળ મળી આવ્યા હતા.

# લાઠીની તાલુકા શાળામાં કન્યા કેળવણી અને પ્રવેશોત્સવની ઉજવણી

લાઠી, તા.૨૬

લાઠીની તાલુકા શાળા ખાતે ગુરૂવારે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે લાઠી તાલુકા પંચાયતના પ્રમુખ મધુભાઈ નવાપરાના અધ્યક્ષ સ્થાને વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોનીએ મહેમાનોને આવકારીને





જણાવેલ કે, શિક્ષણ એ જીવનનો આધાર છે. બાળપણમાં મળેલું સંસ્કારીત શિક્ષણ જીવનના દરેક પડાવને સફળ બનાવે છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩માં શરૂ કરેલ શાળા પ્રવેશોત્સવથી શિક્ષણને નવી દિશા મળી છે. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ તકે નગરપાલિકા ઉપપ્રમુખ બાબુભાઈ ધોળકિયા, નગરસેવક વિનુભાઈ ભાતિયા, શહેર ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ નવાપરા, મુકેશભાઈ મેતલીયા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાવવા કોવાયામાં સેમિનાર યોજાયો

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા રાજુલાના કોવાયા ગામ ખાતે કામકાજના સ્થળે મહિલાઓને થતી જાતીય સતામણી અટકાયત અધિનિયમ-૨૦૧૩ (POSH Act - ૨૦૧૩) અંગે કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજુલા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હરિભાઈ બારૈયાના




અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સેમિનારમાં અલ્ટ્રાટેક કંપનીના ગુજરાત સિમેન્ટ વર્કસના મહિલા કર્મચારીઓને POSH Act - ૨૦૧૩ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝારિયાએ મહિલા અને બાળ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપી હતી. એડવોકેટ અરવિંદભાઈ ખુમાણે કાયદાકીય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત, સખી વન સ્ટોપ સેન્ટર અને મહિલા સહાયતા કેન્દ્ર વિશે પણ માહિતી આપવામાં આવી હતી. ઉપસ્થિત બહેનોને હેન્ડબેગ અને યોજનાકીય પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૯૪/૨૦૨૫

અરજદાર : શ્રી રાજુભાઈ રામભાઈ ઘુંઘળવા
સરનામુ : મું.વાંઢ, તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વાંઢ
મું.વાંઢ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વાંઢ** ગામના **શ્રી રાજુભાઈ રામભાઈ ઘુંઘળવા** એ તેમના **પુત્ર નામે શ્રી રાજવિર રાજુભાઈ ઘુંઘળવા નો જન્મ** તા.૨૫/૧૧/૨૦૧૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સુરેશભાઈ આર. મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૬/૦૬/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# કોડીનારના ડોળાસામાં વધુ પોણો ઈંચ વરસાદ નોંધાયો

કોડીનાર, તા.૨૬

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ગુરૂવાર, ૨૬ જૂન ૨૦૨૫ના રોજ વધુ ૧૭ મિ.મી. (લગભગ પોણો ઈંચ) વરસાદ નોંધાયો છે. બપોરે ત્રણથી પાંચ વાગ્યા વચ્ચે મધ્યમસરનો વરસાદ વરસ્યો હતો. આ અઠવાડિયામાં ડોળાસામાં ધીમી ધારનો આ ત્રીજી વખતનો વરસાદ છે, જે



પાક માટે ફાયદાકારક સાબિત થશે. આ સાથે, ડોળાસામાં મોસમનો કુલ વરસાદ ૨૬૩ મિ.મી. નોંધાયો છે.

# સા.કુંડલાની કબીર ટેકરી આશ્રમ ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલા શહેરમાં આવેલ કબીર ટેકરી આશ્રમ ખાતે સદગુરુ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ, સાવરકુંડલા, લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટી અને નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પિટલ સંચાલિત અમરેલી દ્વારા સંયુક્તપણે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણિ આરોપણ કેમ્પનું



ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશન પણ વિનામૂલ્યે કરવામાં આવ્યા હતા. કેમ્પની ઓ.પી.ડી.માં કુલ ૬૯ દર્દીઓએ આંખોની તપાસનો લાભ લીધો હતો, જ્યારે ૨૨ દર્દીઓએ મોતિયાના ઓપરેશન માટે નોંધણી કરાવીને લાભ મેળવ્યો હતો.

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૮૮/૨૦૨૫

અરજદાર :- શ્રી વલ્લભભાઈ જીવાભાઈ બોરડ
રહે. માંગવાપાળ, તા.જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. માંગવાપાળ, તા.જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના માંગવાપાળ ગામમાં અરજદારશ્રી વલ્લભભાઈ જીવાભાઈ બોરડ તેઓના પુત્રી દિવ્યાબેન વલ્લભભાઈ બોરડ ની જન્મ (તા.૦૩/૦૯/૧૯૮૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો
સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૫૫/૨૦૨૫

અરજદાર : શ્રી શિયાળ કરશનભાઈ રૈયાભાઈ
સરનામુ : મું.વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વારાહસ્વરૂપ
મું.વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ** ગામના **શ્રી શિયાળ કરશનભાઈ રૈયાભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી આશાબેન કરશનભાઈ શિયાળ નો જન્મ** તા.૦૨/૦૬/૨૦૦૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સુરેશભાઈ આર. મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૬/૦૬/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૦૫/૨૦૨૫

અરજદાર : શ્રી સોલંકી સોનીબેન મંગાભાઈ
સરનામુ : મું.મોચીવાડ, તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - નાગેશ્રી
મું.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી સોલંકી સોનીબેન મંગાભાઈ** એ તેમના **પતિ નામે સ્વ.શ્રી મંગાભાઈ દાદાભાઈ સોલંકી નું મરણ** તા.૧૪/૧૦/૨૦૦૮ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સુરેશભાઈ આર. મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૬/૦૬/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૫૪/૨૦૨૫

અરજદાર : શ્રી શિયાળ મધુભાઈ રૈયાભાઈ
સરનામુ : મું.વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વારાહસ્વરૂપ
મું.વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ** ગામના **શ્રી શિયાળ મધુભાઈ રૈયાભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી કિરણબેન મધુભાઈ શિયાળ નો જન્મ** તા.૧૪/૦૬/૨૦૦૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સુરેશભાઈ આર. મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૬/૦૬/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# રુદ્રપ્રયાગ જતી બસ અલકનંદા નદીમાં ખાબકી સુરતની યુવતી સહિત ત્રણ લોકોના મોત, ૧૦ ગુમ

મુંબઈ,તા.૨૬


ગુરુવારે સવારે ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં એક મોટી દુર્ઘટના બની. જિલ્લાના ઘોલથીરમાં એક બસ અલકનંદા નદીમાં ડૂબી ગઈ. અકસ્માત બાદ ઘટનાસ્થળે અફડાતફડી મચી ગઈ હતી. અકસ્માતમાં ૩ લોકોના મોત થયા અને ૮ લોકો ઘાયલ થયા છે. ઘાયલોમાં ૯ વર્ષના બે બાળકો પણ સામેલ છે. બંને ઘાયલ બાળકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એસડીઆરએફ ટીમે ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કામગીરી હાથ ધરી છે. કહેવામાં આવી રહ્યું છે કે હાલમાં ૧૦ મુસાફરો ગુમ છે, જેમની શોધ માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બસમાં રાજસ્થાનના ૭, મધ્યપ્રદેશના ૩, ગુજરાતના ૭, મહારાષ્ટ્રના ૨ મુસાફરો હતા અને ડ્રાઈવર હરિદ્વારનો હતો. ૩૧ મુસાફરોની ક્ષમતા ધરાવતી મીની બસમાં અકસ્માત સમયે ડ્રાઈવર સહિત ૨૦ શ્રદ્ધાળુઓ હતા અને તે બદ્રીનાથ ધામ તરફ જઈ રહ્યા હતા. ઋષિકેશ-બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ઘોલથીર નજીક ટ્રક સાથે અથડાયા બાદ મીની બસ ખાડામાં પડી ગઈ હતી. બસમાં ૨૦ લોકો હતા, જેમાંથી સાત લોકો બસમાંથી બહાર ફેંકાઈ ગયા. બાકીના બસની સાથે નદીમાં ડૂબ્યા હતા.



# દેશના અનેક રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરતું હવામાન વિભાગ

નવીદિલ્હી,તા.૨૬

દેશના વિવિધ રાજ્યોમાં આકાશનો કહેર જોવા મળી રહ્યો છે. આજે હવામાન વિભાગે દિલ્હી-એનસીઆરમાં વરસાદની આગાહી કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર, ભારે પવન સાથે વરસાદ પડી શકે છે. તે જ સમયે, ગુજરાત અને મહારાષ્ટ્ર માટે ચેતવણી જારી કરવામાં આવી છે. આઈએમડીએ અહીં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. આ ઉપરાંત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, કેરળ, કર્ણાટક, ઓડિશા, બિહાર અને ઝારખંડમાં વરસાદની શક્યતા છે, જેના માટે વહીવટીતંત્ર સંપૂર્ણપણે સતર્ક છે. ચોમાસાના કારણે મેદાની વિસ્તારોમાં ઘણી મુશ્કેલી પડી રહી છે અને સૌથી વધુ મુશ્કેલી ગુજરાતમાં પડી રહી છે જ્યાં રાજ્યના ૨૬ જિલ્લાઓમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. સૌથી ખરાબ પરિસ્થિતિ સુરતમાં છે. સુરતના ગામડાઓ પાણીમાં ડૂબી ગયા છે. બત્તીસ ગંગા ખાડીના કિનારે આવેલા બલેશ્વર ગામ સહિત વિસ્તારમાં સતત મુશળધાર વરસાદને કારણે નદીનું પાણીનું સ્તર વધ્યું છે જેના કારણે બધે જ પાણી જ પાણી દેખાઈ રહ્યું છે. ૨૭ જૂને પશ્ચિમ યુપીમાં ઘણી જગ્યાએ અને પૂર્વ યુપીમાં કેટલીક જગ્યાએ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.



# યોગી સરકાર સપા સાંસદ સાથે સગાઈ કરનારા ક્રિકેટર રિંકુ સિંહને સરકારી નોકરી આપશે

લખનૌ,તા.૨૬

યુપી સરકાર સપા સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ કરનારા ક્રિકેટર રિંકુ સિંહને સરકારી નોકરી આપવાની તૈયારી કરી રહી છે. મીડિયા અહેવાલો અનુસાર, યુપી સરકાર ક્રિકેટર રિંકુ સિંહને શિક્ષણ વિભાગમાં નોકરી આપવા જઈ રહી છે. રિંકુ સિંહને જિલ્લા મૂળભૂત શિક્ષણ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવી શકે છે. આ પદ પર તેમની નિમણૂકની પ્રક્રિયા આંતરરાષ્ટ્રીય ચંદ્રક વિજેતા ડાયરેક્ટ રિક્રુટમેન્ટ રૂલ્સ-૨૦૨૨ હેઠળ શરૂ કરવામાં આવી છે. આ મામલે મૂળભૂત શિક્ષણ નિયામકને પણ એક પત્ર જારી કરવામાં આવ્યો છે. બીએસએ પદ પર રિંકુ સિંહની નિમણૂક યુપી સરકારની નીતિનો એક ભાગ છે, જે હેઠળ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને સરકારી સેવાઓમાં પદ આપીને સન્માનિત કરવામાં આવે છે.



# દેશમાં ફરી એકવાર નિષ્ક્રીય પક્ષોને ચૂંટણી પંચ દૂર કરે તેવી સંભાવના

ન્યૂ દિલ્હી,તા.૨૬

ચૂંટણી પંચના નિયમો અનુસાર, જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૨૯એ અને ચૂંટણી પ્રતીક (અનામત અને ફાળવણી) આદેશ, ૧૯૬૮ હેઠળ, જો કોઈ નોંધાયેલ પક્ષ સતત ૬ વર્ષ સુધી લોકસભા, વિધાનસભા અથવા સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં ભાગ લેતો નથી, તો તેની નોંધણી રદ કરી શકાય છે. આવા પક્ષો ઘણીવાર ફક્ત કાગળ પર અસ્તિત્વ ધરાવે છે અને કર મુક્તિ, મની લોન્ડરિંગ અથવા અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ હોઈ શકે છે. પંચે આ પક્ષોના નોંધાયેલા સરનામાઓની ભૌતિક ચકાસણી હાથ ધરી હતી, જેમાં આ પક્ષો અસ્તિત્વમાં ન હોવાનું જાણવા મળ્યું હતું. ચૂંટણી પંચે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે આ ૩૪૫ પક્ષો દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી છે. આમાંથી ઘણી પાર્ટીઓએ તેમના સરનામામાં ફેરફાર વિશે કમિશનને જાણ પણ કરી ન હતી, જે નિયમોનું ઉલ્લંઘન છે. અગાઉ ૨૦૨૨ માં, પંચે ૮૬ અસ્તિત્વમાં ન હોય તેવા આરયુપીપી દૂર કર્યા હતા અને ૨૫૩ ને 'નિષ્ક્રિય' જાહેર કર્યા હતા. આ વખતે પણ, પંચે કડક વલણ અપનાવ્યું છે અને નિષ્ક્રિય પક્ષોને દૂર કરવાનો નિર્ણય લીધો છે. આ પગલાથી આ પક્ષોને મફત ચૂંટણી પ્રતીક અને અન્ય સુવિધાઓ જેવા લાભો બંધ થશે. આ પગલાથી રાજકીય પ્રક્રિયા મજબૂત થશે અને મતદારોનો વિશ્વાસ પણ વધશે.

# ઓપરેશન સિંદૂરમાં મહિલાઓની ભાગીદારી પર ગર્વ છે : આરએસએસના શાંતાક્કા

(એચ.એસ.એલ),નાગપુર,તા.૨૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહિલા સંલગ્ન સંગઠન રાષ્ટ્રીય સેવિકા સમિતિના વડા શાંતાક્કા કહે છે કે હિન્દુ ધર્મમાં સહિષ્ણુતા અને રાષ્ટ્રનું રક્ષણ કરવાની શક્તિ છે. નાગપુરમાં રાષ્ટ્રીય સેવિકા સમિતિના શિક્ષણ વર્ગના સમાપન પ્રસંગે સમિતિના વડા શાંતાક્કાએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂરમાં મહિલાઓની ભાગીદારી ગર્વની વાત છે. આ કાર્યક્રમમાં સ્વયંસેવકોએ બહાદુરી અને બહાદુરીના પ્રતીકો યશ્તિ અને દંડનું પ્રદર્શન રજૂ કર્યું હતું.

રાષ્ટ્રીય સેવિકા સમિતિના શિક્ષણ વર્ગમાં દેશભરમાંથી ૧૦૧ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. રાષ્ટ્રીય સેવિકા સમિતિના તાલીમ પામેલા સ્વયંસેવકોએ સમાપન પ્રસંગે પ્રદર્શન આપ્યું હતું. સમાપન સમારોહનું આયોજન આરએસએસના રેશમ બાગ સ્થિત હેડગેવાર સ્મૃતિ મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. દેશભરમાંથી ૧૦૧ સ્વયંસેવકોએ આ ૧૫ દિવસીય તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો.

# મરાઠા અનામત પર વચગાળાનો સ્ટે માંગતી અરજી પર તાત્કાલિક સુનાવણીનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો

નવીદિલ્હી,તા.૨૬


સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ કેવી વિશ્વનાથન અને એનકે સિંહની આંશિક કાર્યકારી દિવસની બેન્ચે કહ્યું કે કોર્ટ ફરી ખુલ્યા પછી તે મરાઠા અનામત પર રોક લગાવવાની અરજી પર વિચાર કરશે. ગુરૂવારે એક વકીલે બોમ્બે હાઈકોર્ટ દ્વારા કાયદા પર વચગાળાનો સ્ટે આપવાના ઈનકાર સામેની અરજી પર તાત્કાલિક સુનાવણીનો ઉલ્લેખ કર્યો છે. બોમ્બે હાઈકોર્ટની ત્રણ ન્યાયાધીશોની ખાસ બેન્ચે ૧૧ જૂનના રોજ મરાઠા અનામતને પડકારતી અરજીઓ પર નવેસરથી સુનાવણી શરૂ કરવા માટે ૧૮ જુલાઈની તારીખ નક્કી કરી હતી. સુપ્રીમ કોર્ટના નિર્દેશને પગલે, બોમ્બે હાઈકોર્ટે મે મહિનામાં અરજીઓ પર સુનાવણી માટે ત્રણ ન્યાયાધીશોની નવી બેન્ચની રચના કરી હતી, જેમાં મરાઠા અનામત પૂરા પાડતા ૨૦૨૪ના કાયદાની બંધારણીય માન્યતાને પડકારતી જાહેર હિતની અરજીઓનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારે કોઈપણ વચગાળાની રાહત પર વિચાર કરવાની વિનંતીનો વિરોધ કર્યો હતો. બોમ્બે હાઈકોર્ટ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અધિનિયમ, ૨૦૨૪ વિરુદ્ધ અરજીઓ પર સુનાવણી કરી રહી છે, જે જાહેર રોજગારમાં મરાઠાઓને ૧૦ ટકા અનામત આપે છે. હાઈકોર્ટે વચગાળાનો સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો.



# પુરી રથયાત્રાની સુરક્ષા વ્યવસ્થા : ૧૦ હજાર પોલીસ કર્મીઓ, એનએસજી, ડ્રોન, સ્નાઈપર્સ ધ્યાન રાખશે

પુરી,તા.૨૬


ઓડિશાના પુરીમાં ૨૭ જૂને યોજાનારી જગન્નાથ રથયાત્રા (પુરી રથયાત્રા સુરક્ષા) માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ઓડિશાના ડીજીપી વાય.બી. ખુરાનિયાએ જણાવ્યું હતું કે રથયાત્રામાં પહેલીવાર એનએસજી તૈનાત કરવામાં આવશે. આ નિર્ણય ઓપરેશન સિંદૂર પછી લેવામાં આવ્યો છે. તે જ સમયે, ભીડ વ્યવસ્થાપન માટે AIનો ઉપયોગ કરવામાં આવશે. ઈતિહાસમાં આ પહેલી વાર છે કે રથયાત્રામાં AIનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સીસીટીવીમાં પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવશે, જેના દ્વારા એ જાણી શકાશે કે કોણ ક્યાં જઈ રહ્યું છે અથવા કેટલી ભીડ છે. તે મુજબ રૂટ ડાયવર્ઝન કરવામાં આવશે. ચેટ બોટની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં દર્શન માટે પુરી તરફ આવવા માંગતા ભક્તો જોઈ શકશે અને જાણી શકશે કે તેમના માટે કયો રસ્તો યોગ્ય છે. તેમાં કોઈ અવરોધ છે કે નહીં. જો કોઈ અવરોધ હોય તો કયું ડાયવર્ઝન ઉપલબ્ધ છે.



# હિમાચલમાં સરકાર સામે વિરોધ કરવા બદલ સસ્પેન્ડ કરાયેલા આઠ શિક્ષકો પર ચાર્જશીટ

(એચ.એસ.એલ),શિમલા,તા.૨૬

હિમાચલ પ્રદેશ સરકાર સામે વિરોધ કરવા બદલ સસ્પેન્ડ કરાયેલ આઠ જેબીટી શિક્ષકો પર ચાર્જશીટ કરવામાં આવી છે. ચાર્જશીટ કર્યા પછી, શાળા શિક્ષણ નિયામકમંડળે બુધવારે એક મેમોરેન્ડમ જારી કર્યું અને શિક્ષકોને દસ દિવસમાં પોતાનો પક્ષ રજૂ કરવા જણાવ્યું. અસંતોષકારક જવાબો મળ્યા પછી, શિક્ષકો સામે વિભાગીય તપાસ હાથ ધરવામાં આવશે. રાજધાની શિમલાના ચૌરા મેદાનમાં શિક્ષણ નિયામકમંડળના પુનર્ગઠન સામે જેબીટી શિક્ષક સંઘે પ્રદર્શન કર્યું હતું.



# લોકશાહીના ત્રણેય અંગો બંધારણ હેઠળ કાર્ય કરે છે : જસ્ટિસ ગવઈ

અમરાવતી,તા.૨૬

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ કહ્યું છે કે ભારતનું બંધારણ સર્વોચ્ચ છે અને લોકશાહીના ત્રણેય અંગો બંધારણ હેઠળ કાર્ય કરે છે. તેમણે કહ્યું કે કેટલાક લોકો કહે છે કે સંસદ સર્વોચ્ચ છે, પરંતુ તેમના મતે બંધારણ સર્વોચ્ચ છે. ગયા મહિને ૫૨મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેનારા જસ્ટિસ ગવઈ પૂર્વ મહારાષ્ટ્રના તેમના વતન અમરાવતીમાં તેમના સન્માન સમારોહમાં બોલી રહ્યા હતા.

સીજેઆઈએ કહ્યું કે લોકશાહીનું કયું અંગ સર્વોચ્ચ છે તેના પર હંમેશા ચર્ચા થતી રહે છે - કારોબારી, વિધાનસભા કે ન્યાયતંત્ર. તેમણે કહ્યું, 'જોકે ઘણા લોકો કહે છે અને માને છે કે સંસદ સર્વોચ્ચ છે, પરંતુ મારા મતે ભારતનું બંધારણ સર્વોચ્ચ છે. લોકશાહીના ત્રણેય અંગો બંધારણ હેઠળ કાર્ય કરે છે.

# તેલંગાણામાં એક મહિલાએ રેલવે ટ્રેક પર કાર દોડાવતા અનેક ટ્રેનોને અસર

હૈદરાબાદ,તા.૨૬


તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લામાં એક ૩૪ વર્ષીય મહિલાએ પોતાની કાર રેલવે ટ્રેક પર ચડાવી દીધી. જેના કારણે ત્યાં હાજર કર્મચારીઓમાં ગભરાટ ફેલાયો. ૧૦-૧૫ ટ્રેનોને રોકવામાં આવી અથવા ડાયવર્ટ કરવી પડી. શંકરપલ્લી નજીક બનેલી આ ઘટનાના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. ૧૩ સેકન્ડના આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે મહિલા રેલવે ટ્રેક પર કિયા સોનેટ કાર ચલાવી રહી છે. બીજા વીડિયોમાં સ્થાનિક લોકો, રેલવે કર્મચારીઓ અને પોલીસ મહિલાને કારમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. ટોળાએ તેને કારમાંથી બહાર કાઢ્યા પછી તેના હાથ બાંધી દીધા છે. મહિલાએ આવું કેમ કર્યું અને તેની માનસિક સ્થિતિ શું હતી તે અંગે તપાસ ચાલી રહી છે.



# મેક્સિકોના ઈરાપુઆતો શહેરમાં ભીષણ ગોળીબારમાં ૧૨ લોકોના મોત

ઈરાપુઆતો,તા.૨૦

મેક્સિકોના ગુઆનાજુઆતો રાજ્યના ઈરાપુઆતો શહેરમાં મંગળવારે રાત્રે ભીષણ ગોળીબાર થયો હતો. આ હુમલામાં ૧૨ લોકો માર્યા ગયા હતા, જ્યારે લગભગ ૨૦ લોકો ઘાયલ થયા હતા.તે સમયે ઈરાપુઆતોમાં સેન્ટ જોન ધ બાપ્ટિસ્ટ ઉત્સવ નિમિત્તે લોકો રસ્તા પર નાચતા અને ઉજવણી કરી રહ્યા હતા. બુધવારે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. મૃતકોમાંથી ૧૧ લોકોની ઓળખ થઈ ગઈ છે. જેમાં ૮ પુરુષો, ૨ મહિલાઓ અને ૧૭ વર્ષનો સગીરનો સમાવેશ થાય છે. અકસ્માતનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. આમાં, લોકો ઉજવણી કરી રહ્યા હતા ત્યારે ગોળીબારનો અવાજ સંભળાયો હતો. રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શિનબામે આ હુમલા પર દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું કે તેની તપાસ કરવામાં આવી રહી છે. ઈરાપુઆતોના અધિકારી રોડોલ્ફો ગોમેઝ સર્વાન્ટેસે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે મેક્સિકોમાં મૃત્યુઆંક વધીને ૧૨ થઈ ગયો છે અને ઘણા ઘાયલોની હાલત ગંભીર છે. ઘાયલોને વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. ઈરાપુઆતોની સ્થાનિક સરકારે આ હુમલાને કાયરતાપૂર્ણ ગણાવ્યો અને કહ્યું કે સુરક્ષા દળો જવાબદાર લોકોને શોધી રહ્યા છે.



# બ્રાઝિલે પ્રધાનમંત્રી મોદીને ડિનર માટે આમંત્રણ આપતા ચીનના પેટમાં તેલ રેડાયું

રિયો ડી જાનેરો, તા.૨૬

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આવતા અઠવાડિયે બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં હાજરી આપશે નહીં. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ (SCMP) એ તેના અહેવાલમાં સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે શિખર સંમેલન પછી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સ્ટેટ ડિનર માટે આમંત્રણ આપવાથી જિનપિંગ નારાજ છે. ૧૭મું બ્રિક્સ સમિટ ૬-૭ જુલાઈના રોજ બ્રાઝિલમાં યોજાવા જઈ રહ્યું છે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા ડી સિલ્વાએ પીએમ નરેન્દ્ર મોદીને સ્ટેટ ડિનર માટે આમંત્રણ આપ્યું છે. SCMP મુજબ, જિનપિંગને લાગે છે કે મોદીની સામે તેમનું કદ ઘટી જશે. જોકે, ચીને બ્રિક્સ સમિટના યજમાન બ્રાઝિલને રાષ્ટ્રપતિ શી જિનપિંગની ગેરહાજરી વિશે તેમના વ્યસ્ત સમયપત્રકને ટાંકીને જાણ કરી છે. એવા પણ અહેવાલો છે કે બેઠકના લગભગ ૧૦ દિવસ પહેલા ચીની રાષ્ટ્રપતિના આ નિર્ણયથી બ્રાઝિલ પણ નારાજ છે. રાષ્ટ્રપતિ તરીકે શી જિનપિંગના ૧૨ વર્ષમાં આ પહેલી વાર હશે કે તેઓ બ્રિક્સ સમિટમાં હાજરી નહીં આપે. તેઓ ૨૦૧૩થી દર વર્ષે સમિટમાં હાજરી આપે છે. કોરોના મહામારી દરમિયાન, તેમણે બે વર્ષ સુધી બ્રિક્સમાં વર્ચ્યુઅલી હાજરી આપી હતી.



# ભાવનગરના ઘોઘામાં પાણી ભરેલા ખાડામાં ત્રણ બાળકો ડૂબ્યા, બેના મોત



ઘોઘા,તા.૨૬

ભાવનગર ઘોઘા વિસ્તારમાંથી એક કરુણ ઘટના સામે આવી છે. ઘોઘા આડી સડક પાસે પાણીની ટાંકી નજીક રમતા રમતા ત્રણ બાળકોનો પગ લપસી જતા નજીકમાં આવેલા પાણી ભરેલા ખાડામાં પડી ગયા હતા. જેમાં બે બાળકોના મોત નિપજ્યા છે. જ્યારે એક બાળકનું રેસ્ક્યૂ કરીને સ્થાનિકોએ બચાવી લીધો છે. સમી સાંજે બનેલી આ ઘટનામાં ત્રણ બાળકો રમતા રમતા અકસ્માતે ખાડામાં પડી ગયા હતા. સ્થાનિકોએ તરત જ એક બાળકનું રેસ્ક્યૂ કરીને ઘોઘા પોલીસને જાણ કરી હતી. પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

# રાજ્યમાં ૧૦ દિવસમાં સિઝનનો ૨૬.૨૪% વરસાદ વરસ્યો : છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૦ તાલુકામાં મેઘમહેર



ગાંધીનગર,તા.૨૬

રાજ્યમાં ગત ૨૪ કલાક દરમિયાન ૨૩ જિલ્લાના ૧૪૦ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં રાજ્યનો સૌથી વધુ ૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, સુરતના ઉમરપાડા અને તાપીના ડોલવણ તાલુકામાં ૫ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. અન્ય તાલુકાઓની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં, વડોદરાના કરજણ, નવસારીના વાંસદા, તાપીના કુકરમુંડા, નર્મદાના ડેડીયાપાડા તેમજ મહિસાગરના લુણાવાડા તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત નવસારીના ખેરગામ, તાપીના વ્યારા અને વલોદ તથા વલસાડ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તદુપરાંત રાજ્યના ૨૦ તાલુકામાં બે ઈંચથી વધુ, ૨૪ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૮૩ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ૨૬ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૨૬.૨૪ ટકા જેટલો નોંધાયો છે.

# ગુજરાત સહિત દેશના ૧૧ રાજ્યોમાં બોમ્બની ધમકી આપનારી યુવતીને કોર્ટમાં રજૂ કરાઈ



અમદાવાદ,તા.૨૬

ગુજરાત સહિત દેશનાં અલગ અલગ રાજ્યોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકીઓ આપનારી યુવતી રેની જોશીલ્ડાને ગુજરાત પોલીસે ચેન્નઈથી ઝડપી પાડી છે. એકતરફી પ્રેમમાં પાગલ આ યુવતી સાથે યુવકે લગ્ન ન કરતાં તેની સાથે બદલો લેવા માટે તેના નામથી બ્લાસ્ટની ધમકીભર્યા ઈ-મેલ કર્યા હતા. જેને લઈને રેની જોશીલ્ડા વિરુદ્ધ ગુજરાત સહિત ૧૧ રાજ્યમાં ૧૦૦થી વધુ ગુના નોંધાયા છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, હાઈકોર્ટ, સ્કૂલો તેમજ હોસ્પિટલને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેલ કરનારી રેની જોશીલ્ડાના રિમાન્ડ પૂર્ણ થતાં ટ્રાન્સફર વોરંટથી ધરપકડ માટે ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરાઈ છે. જે દરમિયાન રેનીએ કોર્ટ સમક્ષ ફરિયાદ કરી કે, તેના વકીલ કે ઘરના લોકો સાથે વાત કરવા દેવાઈ નથી.

# જામવાળા ગીર ખાતે જમજીર ધોધ જોવા ગયેલા પ્રવાસીઓ નદીમાં ફસાતા રેસ્ક્યૂ કરાયું

કોડીનાર,તા.૨૬

ગીરગઢડા તાલુકાના જામવાળા ગીર ખાતે આવેલા સુપ્રસિદ્ધ જમજીર ધોધ જોવા પ્રવાસીઓ આવ્યા હતા. સવારે જ્યારે તેઓ નદીમાં પ્રવેશ્યા ત્યારે પાણીનો પ્રવાહ ખૂબ ઓછો હતો. જોકે, મધ્ય ગીરમાં ભારે વરસાદ પડવાના કારણે અચાનક શિંગોડા અને ધાતરડી નદીનું પાણી ધોધમાં ભળી જતાં પાણીનો પ્રવાહ એકાએક વધી ગયો હતો. આના કારણે તમામ પ્રવાસીઓ નદીની



વચ્ચે ફસાઈ ગયા હતા અને જીવ બચાવવા માટે એક પથ્થરની શિલા પર ઊભા રહેવા મજબૂર બન્યા હતા. પ્રવાસીઓ ફસાયા હોવાની જાણ આજુબાજુના વાડી વિસ્તારના લોકોને થતાં તેઓએ સ્થાનિક તરવૈયાઓને જાણ કરતા ઘાંટવડ અને જામવાળા ગામના તરવૈયાઓ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તરવૈયાઓએ પ્રવાસીઓ પાસે પહોંચી તેમને સુરક્ષિત રાખવાના પ્રયાસો શરૂ કર્યા હતા. આ ઉપરાંત, જિલ્લા કલેક્ટર ઉપાધ્યાય દ્વારા તાત્કાલિક સૂચના મળતાં જ તાત્કાલિક અધિકારીઓને મોકલી સ્થાનિક લોકો દ્વારા દોરી બાંધીને તમામ પ્રવાસીઓનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.






# બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણા પાંચ વર્ષ માટે આપમાંથી સસ્પેન્ડ



અમદાવાદ,તા.૨૬

બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણાને AAPમાંથી ૫ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ X પર પોસ્ટ કરીને આ માહિતી આપી છે. અગાઉ ઉમેશ મકવાણાએ નરો વા કુંજરો વા જેવી સ્થિતિ ઊભી કરી હતી. તેમણે ના તો પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું ના તો ધારાસભ્યપદેથી રાજીનામું આપ્યું હતું. તેમણે માત્ર દંડકપદે અને રાષ્ટ્રીય જોઈન્ટ સેક્રેટરી તરીકે રાજીનામું આપીને પાર્ટી પર દબાણ ઊભું કરવાનો પ્રયાસ કર્યો છે. AAPના ઉમેશ મકવાણાએ કહ્યું હતું કે ધારાસભ્યપદેથી રાજીનામાનો નિર્ણય જનતાને પૂછીને કરીશ. પછાત સમાજના નેતાને ચૂંટણી પૂરતા ઉપયોગમાં લેવાય છે. પછાત લોકોના મુદ્દા ઉપાડવામાં દરેક પાર્ટી નિષ્ફળ છે. દરેક પાર્ટીમાં જાતિવાદી માનસિકતા ધરાવતા લોકો વધતા જાય છે. મે દંડક અને AAPના રાષ્ટ્રીય માળખામાં પણ સેવા આપી છે. રાષ્ટ્રીય જોઈન્ટ સેક્રેટરી તરીકે પણ રાજીનામું આપ્યું છે.







